નમાઝ-રોઝાની હકીકત

(ખુતબાત-૩)

લે. મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી (રહ.)

• અનુવાદ •
ઝહીરુદ્દીન શેખ

અનુક્રમણિકા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રસ્તાવના

પ્રસ્તુત પુસ્તક 'નમાઝ-રોઝાની હકીકત' લેખકના મૂળ ખુત્બાઓ, જે પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયા હતા, તે 'ખુત્બાત' (ઉર્દૂ)ના તૃતીય પ્રકરણનો અનુવાદ છે.

મૂળ પુસ્તકમાં ઈસ્લામી વિશ્વના એક મોટા આલિમ (વિદ્વાન) મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી (રહ.)ના તે ખુત્બાઓ (પ્રવચનો)ને એકત્ર કરીને પ્રકાશિત કરવામાં આવ્યા છે, જે તેમણે ઈ.સ. ૧૯૩૮માં 'દારુલ ઈસ્લામ' પઠાનકોટ (પંજાબ)ની જુમૂઆ મસ્જિદમાં અલ્પ શિક્ષિત સામાન્ય મુસલમાનો સમક્ષ આપ્યા હતા. આ ખુત્બાઓ એટલા સરળ અને પ્રભાવશાળી શૈલીમાં ઈસ્લામની પાયાની શિક્ષાઓને તેની સ્પિરિટ (રૂહ)ની સાથે પ્રસ્તુત કરવામાં આવ્યા છે કે તેને સાંભળીને અથવા વાંચીને અસંખ્ય લોકોના જીવન સુધરી ગયા અને તેઓ બૂરાઈઓ છોડવા અને સદ્કાર્યોને અપનાવવા પર મજબૂર થઈ ગયા. આ લોકોમાં મુસલમાનો પણ છે અને બિનમુસ્લિમો પણ.

આ ખુત્બાઓની આ જ ખૂબીઓને કારણે દુનિયાની અનેક ભાષાઓમાં તેના અનુવાદો મોટી સંખ્યામાં પ્રકાશિત કરવામાં આવ્યા છે અને તે બધા અત્યંત લોકપ્રિય થયા છે.

મૌલાના મૌદૂદીનું એક અન્ય લોકપ્રિય પુસ્તક 'દીનિયાત' (ગુજરાતી અનુવાદ 'ઈસ્લામ પરિચય')માં ઈસ્લામી આસ્થાઓનું વિગતવાર વર્ણન કરવામાં આવેલ છે અને ઈસ્લામની શરઈ (ધર્મશાસ્ત્રીય) વ્યવસ્થા વિશે પણ કેટલીક માહિતી ઉપલબ્ધ કરવામાં આવી છે, અને આ પુસ્તકમાં દીને-ઈસ્લામ (ઈસ્લામ ધર્મ)ની સ્પિરિટ અને ઈબાદતોનું વિગતવાર વર્ણન કરવામાં આવેલ છે.

ઈસ્લામને સાચી રીતે જાણવા માટે જરૂરી જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની ફરજચૂકના કારણે મુસલમાનોમાં વર્ષોથી બિનઈસ્લામી આચાર-વિચાર અને જીવન પદ્ધતિ રિવાજ પામતી ગઈ છે. જેના પરિણામે દેશબાંધવોમાં ઈસ્લામ અને મુસલમાનો વિષે ગેરસમજ ઊભી થવી સરળ અને સહજ બની ગયું છે. માટે ઈસ્લામની સાચી સમજ અને અર્થઘટનની જાણકારી મેળવવી મુસલમાનો માટે અત્યંત જરૂરી છે કે જેથી

તેઓ પોતાના અન્ય ભાઈઓને ઇસ્લામનો પરિચય આપી શકે. ઉક્ત બંને પુસ્તકોને મેળવીને વાંચ્યા પછી દીને-ઇસ્લામને સમજવું અને તે અનુસાર બરાબર અમલ કરવું પણ સરળ થઈ જાય છે. દીન ઉપર અમલ કરવાના પરિણામે માનવ અને માનવ-સમાજમાં એક મનોવાંછિત, રુચિકર અને હકારાત્મક પરિવર્તન જોવા મળશે અને લોકો દીનના લાભો અને બરકતોને પોતાની આંખોથી સ્વયં જોઈ શકશે.

અહીં એ વાત પણ બતાવી દેવી જરૂરી લેખાશે કે આ ખુત્બાઓ જે પરિસ્થિતિમાં આપવામાં આવ્યા હતા, તેમાં હવે ઘણું પરિવર્તન આવી ગયું છે, તેથી તેને વાંચતા સમયે તે સંજોગોને દૃષ્ટિ સમક્ષ રાખવા આવશ્યક છે.

મૂળ પુસ્તક 'ખુત્બાત' (ઉર્દૂ)ના અનુવાદનો પ્રથમ ભાગ 'ઈમાનની હકીકત', દ્વિતીય ભાગ 'ઇસ્લામની હકીકત' અને આ તૃતીય ભાગ 'નમાઝ-રોઝાની હકીકત'ના નામે સમયાંતરે પ્રસિદ્ધ થતા રહ્યા છે.

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત છેલ્લા ત્રણ-ચાર દશકાઓથી ઇસ્લામી શિક્ષાઓ પર આધારિત પુસ્તકો તૈયાર કરવાની સેવામાં લાગેલ છે. આ પુસ્તકને આપ-સૌની સેવામાં પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય મળ્યું, તે બદલ અલ્લાહનો આભાર વ્યક્ત કરીએ છીએ. આશા છે કે આ પુસ્તિકાના અભ્યાસથી ગુજરાતી ભાષી મુસલમાનો અને અન્ય દેશબંધુઓ પણ ઇસ્લામની બુનિયાદી આસ્થાઓ વિષે સારી રીતે સમજ કેળવી શકશે અને પોતાના જીવનની સુધારણા માટે મદદ અને પ્રેરણા મેળવી શકશે.

—: પ્રકાશક :—

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન-ગુજરાત

પ્રકરણ – ૧

ઈબાદત

મુસલમાન ભાઈઓ ! આ પહેલાં 'ઇસ્લામની હકીકત' નામની પુસ્તિકામાં મેં તમને 'દીન' અને 'શરીઅત'નો અર્થ સમજાવ્યો હતો. હવે હું તમારા સમક્ષ બીજા એક શબ્દની સ્પષ્ટતા કરીશ, જેને મુસલમાનો સામાન્ય રીતે બોલે છે, પણ ઘણાં થોડા લોકો તેનો ખરો અર્થ જાણતા હોય છે, એ શબ્દ છે 'ઈબાદત'.

અલ્લાહતઆલાએ પોતાના પવિત્ર ગ્રંથમાં ફરમાવ્યું છે કે –

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُوْنِ ﴿٥٦﴾

અર્થાત્, ''મેં જિન્નાત અને મનુષ્યને આ સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી કરે.'' (સૂરઃ ઝારિયાત, આ. ૫૬)

'ઈબાદત'નો અર્થ :

આ આયત ઉપરથી જણાયું કે તમારા જન્મ અને જીવનનો હેતુ અલ્લાહની ઈબાદત સિવાય બીજો કોઈ નથી. હવે તમે અનુમાન કરી શકો છો કે ઈબાદતનો અર્થ જાણવો તમારા માટે કેટલો જરૂરી છે. જો તમે ઈબાદતના ખરા અર્થથી અજાણ હશો, તો જેના માટે તમને પેદા કરવામાં આવ્યા છે, તે હેતુ સિદ્ધ કરી શકશો નહીં અને જે વસ્તુ પોતાનો હેતુ જ પૂરો કરતી નથી, તે નિષ્ફળ નીવડે છે. ડોક્ટર રોગીને જો સાજો ન કરી શકે, તો આપણે કહીએ છીએ કે તે ઈલાજમાં નિષ્ફળ ગયો. ખેડૂત જો પાક ઉગાડી ન શકે, તો તેને ખેતીમાં નિષ્ફળ ગયો તેમ કહીએ છીએ. આવી જ રીતે જો તમે તમારા જીવનનો મૂળ હેતુ એટલે કે 'ઈબાદત'ને પૂરો ન કરી શક્યા, તો કહેવું જોઈએ કે તમારું આખું જીવન નિષ્ફળ રહ્યું. આથી હું એ ઇચ્છું છું કે તમે અત્યંત વિચારપૂર્વક 'ઈબાદત'નો અર્થ સાંભળો, સમજો અને એને પોતાના હૃદયમાં સ્થાન આપો, કારણ કે આના ઉપર જ તમારા જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર રહેલો છે.

'ઈબાદત'નો શબ્દ 'અબ્દ'થી નીકળેલો છે. 'અબ્દ' એટલે બંદો અથવા ગુલામ. આ ઉપરથી ઈબાદતનો અર્થ બંદગી અથવા તાબેદારીનો થાય છે. જે વ્યક્તિ કોઈનો બંદો હોય અને તેની સેવામાં બંદો બનીને રહે તેમજ એનું વર્તન પોતાના માલિક સાથે તાબેદારી ભરેલું હોય તો તેને બંદગી કે ઈબાદત કહેવામાં આવે છે. આથી ઊલ્ટું, જે વ્યક્તિ બંદો હોવા છતાં અને પોતાના માલિક પાસેથી પૂરેપૂરો પગાર મેળવવા છતાં માલિક સમક્ષ સેવક તરીકે કામ ન કરે, તો આવા વર્તનને નાફરમાની કે બંડ કહેવામાં આવે છે, બલ્કે એથી વધુ સ્પષ્ટ રીતે કહેવામાં આવે તો તેને નમકહરામી કહી શકાય છે.

હવે વિચાર કરો કે માલિકના મુકાબલામાં બંદા જેવી રીત અપનાવવાનો માર્ગ કયો છે? સૌ પ્રથમ બંદાનું કામ એ છે કે પોતાના માલિકને જ માત્ર માલિક સમજે અને એ વાતને યાદ રાખે કે જે માલિક તેને રોજી આપે છે, તેનું રક્ષણ કરે છે, તેની દેખરેખ રાખે છે, તે માલિક પ્રત્યે વફાદારી તેના માટે ફરજ બને છે. એના સિવાય વફાદારીનો બીજો કોઈ પણ હક્કદાર નથી.

બંદાનું બીજું કામ એ છે કે પ્રત્યેક પળે માલિકની તાબેદારી કરે અને તેના હુકમોનું પાલન કરે. ક્યારેય પણ એની સેવાથી મોઢું ફેરવે નહીં. માલિકની મરજી વિરુદ્ધ ન તો પોતાના મનથી કે ન કોઈ બીજી વ્યક્તિના કહેવાથી કામ કરે.

ગુલામ પ્રત્યેક સંજોગોમાં ગુલામ જ હોય છે. તેને એ કહેવાનો મુદ્દલ અધિકાર નથી કે હું માલિકની આ વાત માન્ય રાખીશ અને પેલી વાત માન્ય નહીં રાખું અથવા અમુક સમય સુધી તેનો તાબેદાર છું અને બાકીના સમયમાં એની તાબેદારીથી મુક્ત છું. બંદાનું ત્રીજું કામ એ છે કે માલિકનું માન સાચવે. માન સાચવવાની જે રીતો માલિકે નક્કી કરી છે, તેનું કડક રીતે પાલન કરે. તાબેદારી માટે હાજર થવાનો જે સમય માલિકે નક્કી કર્યો હોય એ જ સમયે હાજર થઈને એ વાતની સાબિતી આપે કે તે એની વફાદારી અને અનુસરણમાં અડગ છે.

(૧) વફાદારી (૨) તાબેદારી અને (૩) સન્માન. બસ આ જ ત્રણ વસ્તુઓ ઈબાદત છે.

અલ્લાહત્આલાએ આ જે ફરમાવ્યું કે –

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُونِ ۝٥٦

અર્થાત્, "મેં જિન્નાત અને મનુષ્યને આ સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી કરે." (સૂરઃ ઝારિયાત, આ. ૫૬)

તો એનો અર્થ હકીકતમાં એ જ છે કે અલ્લાહત્આલાએ જિન અને ઈન્સાનને

એ માટે પેદા કર્યા છે કે તેઓ ફક્ત અલ્લાહને વફાદાર રહે, એથી વિરુદ્ધ બીજા કોઈના વફાદાર ન બને. ફક્ત અલ્લાહના હુકમોને અનુસરે, એથી વિરુદ્ધ બીજા કોઈનો હુકમ માને નહીં. એનું જ માન સાચવીને એના જ આગળ મસ્તક નમાવે, બીજા કોઈના સામે નહીં. આ જ ત્રણ વસ્તુઓને અલ્લાહે 'ઈબાદત'ના વિસ્તૃત શબ્દમાં વર્ણવી છે. આ જ અર્થ તે તમામ આયતોનો છે, જેમાં અલ્લાહે પોતાની ઈબાદતનો હુકમ આપ્યો છે. આપણા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના પહેલાં જેટલા નબીઓ (પયગંબરો) ખુદા તરફથી આવ્યા, તે સર્વના શિક્ષણનો ભાવાર્થ પણ એ જ છે કે –

أَلَّا تَعْبُدُوْا إِلَّا إِيَّاهُ

''તેના (અલ્લાહ) સિવાય તમે કોઈની બંદગી ન કરો.'' (સૂરઃ યૂસુફ, આ. ૪૦)

એટલે કે ફક્ત એક જ બાદશાહ છે, જેને તમારે વફાદાર રહેવું જોઈએ અને તે બાદશાહ અલ્લાહ છે. ફક્ત એક જ કાનૂન છે, જેને તમારે અનુસરવું જોઈએ અને તે કાનૂન અલ્લાહનો કાનૂન છે અને ફક્ત એક જ હસ્તી એવી છે કે જેની તમારે પૂજા (ઈબાદત) કરવી જોઈએ અને તે હસ્તી અલ્લાહની છે.

ઈબાદતના ખોટા અર્થના પરિણામો :

ઈબાદતના આ અર્થને નજર સમક્ષ રાખીને જરા મારા પ્રશ્નોના જવાબ આપતા જાઓ.

તમે એ નોકર વિષે શું કહેશો, જે સ્વામીએ નક્કી કરેલ ફરજ બજાવવાના બદલે દરેક વખતે એના સામે હાથ જોડીને ઊભો રહે અને સતત એનું નામ જપતો જાય ? સ્વામી એને કહે કે જા, ફલાણા-ફલાણા માણસોના હક્કો પૂરા કર, પણ એ જતો નથી, બલ્કે ત્યાં જ ઊભા-ઊભા શેઠ સામે નમીને દશ-દશ સલામો ભરે છે અને ફરી હાથ બાંધીને ઊભો રહી જાય છે. સ્વામી એને હુકમ આપે છે કે જા, ફલાણી-ફલાણી ખરાબીઓને દૂર કર, પણ તે એક તસુ જેટલો પણ ત્યાંથી ખસતો નથી અને નમન ઉપર નમન જ કર્યે જાય છે. માલિક હુકમ આપે છે કે ચોરનો હાથ કાપી નાખ. આ હુકમ સાંભળીને તે ત્યાં જ ઊભો-ઊભો મધુર કંઠે 'ચોરનો હાથ કાપી નાખ, ચોરનો હાથ કાપી નાખ' એમ અલાપતો રહે છે, પણ એકેય વખત એવી રાજ્ય-વ્યવસ્થા કાયમ કરવા પ્રયાસ નથી કરતો, જેમાં ચોરનો હાથ કાપી શકાય. શું તમે કહી શકો છો કે આ વ્યક્તિ સાચી રીતે પોતાના માલિકની બંદગી કરી રહી છે ? જો તમારો કોઈ નોકર આવું વલણ ધારણ કરે, તો તમે એને શું કહેશો એ હું નથી જાણતો. પણ મને આશ્ચર્ય ઊપજે છે કે ખુદાનો જે નોકર આવું કરે છે, તેને તમે મહાન ઈબાદતગુજાર કહો છો ! એ જુલ્મી,

સવારથી સાંજ સુધી, ન જાણે કેટલીય વાર કુર્આન-શરીફમાં ખુદાના હુકમો પઢે છે, પણ એ હુકમોને બજાવી લાવવા પોતાની જગ્યાથી એક તસુ જેટલો પણ ખસતો નથી, બલ્કે નફલ ઉપર નફલ પઢતો જ જાય છે. હજારો દાણાવાળી તસ્બીહ લઈને ખુદાના નામનો જપ કરે છે અને મધુર કંઠથી કુર્આનની તિલાવત કરે છે, તમે એની આ ક્રિયાઓ જુઓ છો અને કહો છો કે કેવો નેક અને પવિત્ર બંદો છે ! આ ગેરસમજ ફક્ત એ જ કારણસર છે કે તમે 'ઈબાદત'નો સાચો અર્થ નથી જાણતા.

એક બીજો નોકર છે, જે રાત-દિવસ બીજાઓની સેવા કરે છે, તેમના હુકમો સાંભળે છે અને માને છે. તેમના કાનૂન પર અમલ કરે છે અને પોતાના અસલી માલિકના ફરમાનની દરેક પળે અવગણના કરે છે. પણ સલામી વખતે માલિક સમક્ષ હાજર થઈ જાય છે અને જીભથી માલિકનું જ નામ જપે છે. જો તમારો કોઈ નોકર આવું વલણ અપનાવે તો તમે શું કરશો ? શું તમે એની સલામી એના મુખ પર નહીં મારો ? જ્યારે તે ફક્ત જીભથી જ તમને શેઠ અને માલિક કહેશે, તો શું તમે તરત જ આ જવાબ નહીં આપો કે તું છેલ્લી કક્ષાનો જુઠ્ઠો અને બેઈમાન છે. પગાર મારા પાસેથી લે છે અને નોકરી બીજાની કરે છે. જીભથી મને માલિક કહે છે અને હકીકતમાં મારા સિવાય બીજાઓની સેવા કરતો રહે છે ! આ તો એક સામાન્ય બુદ્ધિની વાત છે, જેને તમારામાંથી દરેક જણ સમજી શકે છે. પણ કેટલા આશ્ચર્યની વાત છે કે જે લોકો રાત-દિવસ ખુદાના કાનૂનનો ભંગ કરે છે, કાફિરો અને મુશ્રિકોના હુકમ પર અમલ કરે છે અને પોતાના જીવન-વ્યવહારમાં ખુદાના હુકમોની જરા પણ દરકાર કરતા નથી, તેમની નમાઝ અને રોઝા, તસ્બીહ અને તિલાવતે-કુર્આન અને હજ્જ તેમજ ઝકાતને તમે ખુદાની ઈબાદત સમજો છો ? આ ગેરસમજ પણ એ જ કારણે છે કે તમે 'ઈબાદત'ના સાચા અર્થથી વાકેફ નથી.

એક બીજા નોકરનો દાખલો લો. માલિક તરફથી પોતાના નોકરો માટે જે પોષાક નક્કી કરવામાં આવ્યો છે, એ મુજબ તે પોષાક પહેરે છે, અત્યંત નમ્રતાથી માલિકની સેવામાં હાજર થાય છે, દરેક હુકમને સાંભળીને નમી પડે છે જાણે કે એનાથી વધીને કોઈ નમ્ર સેવક નથી. સલામી વખતે સૌથી આગળ જઈને ઊભો રહી જાય છે અને માલિકના નામના રટણમાં બીજા બધા નોકરોથી આગળ નીકળી જાય છે. પણ બીજી બાજુએ એ જ વ્યક્તિ પોતાના માલિકના દુશ્મનો અને બળવાખોરોની સેવા બજાવે છે. માલિક વિરુદ્ધ કાવતરાઓમાં ભાગ લે છે અને માલિકનું નામો-નિશાન ભૂંસી નાખવા તે લોકો જે પ્રયાસ કરે છે, તેમાં એ બદનસીબ વ્યક્તિ સાથ આપે છે. રાત્રે અંધારામાં માલિકના ઘરમાં ચોરની જેમ બાકોરૂં પાડે છે અને સવારે મોટા વફાદાર નોકરોની જેમ હાથ બાંધીને માલિકની સેવામાં હાજર થઈ જાય છે. આવા નોકરો વિષે તમે શું કહેશો ? એ જ ને કે તે દંભી છે, બંડખોર છે, નમકહરામ છે, પરંતુ ખુદાના જે નોકરો આવા છે,

તેમને તમે શું કહો છો ? કોઈને પીર સાહેબ, તો કોઈને હઝરત મૌલાના, કોઈને દીનદાર, તો કોઈને પરહેઝગાર કે ઈબાદતગુજાર. એમના ચહેરાઓ પર માપસરની દાઢીઓ, ઘૂંટીથી બબ્બે ઈંચ ઊંચા એમના પાયજામાઓ, કપાળે નમાઝના કાળા ડાઘ, લાંબી નમાઝો અને એમની મોટી તસ્બીહોને જોઈને તમે સમજો છો કે તેઓ મોટા દીનદાર અને સતત ઈબાદત કરનાર છે. આ ગેરસમજ પણ આ જ કારણે છે કે તમે 'ઈબાદત' અને દીનદારીનો જે અર્થ સમજ્યો છે, તે મૂળમાંથી જ ખોટો છે.

તમે સમજો છો કે હાથ બાંધીને કિબ્લા સન્મુખ ઊભા રહેવું, ઘૂંટણો પર હાથ રાખીને નમવું, જમીન પર હાથ ટેકવીને સિજદો કરવો અને થોડાક નિયત કરાયેલ શબ્દો જીભથી ઉચ્ચારવા, બસ આવા થોડાક અમલ અને થોડીક ક્રિયાઓ સ્વમેળે જ ઈબાદત છે. તમે સમજો છો કે રમઝાનની પહેલી તારીખથી શવ્વાલનો ચાંદ દેખાય ત્યાં સુધી દરરોજ સવારથી લઈને સાંજ સુધી ભૂખ્યા-તરસ્યા રહેવાનું નામ ઈબાદત છે. તમે સમજો છો કે કુર્આનના થોડાક રુકૂઅ જીભથી ઉચ્ચારવા એ ઈબાદત છે. તમે સમજો છો કે મક્કા-મુઅઝ્ઝમા જઈને કા'બાના આસપાસ તવાફ કરવાનું નામ ઈબાદત છે. મતલબ કે તમે કેટલાક અમલના બાહ્ય સ્વરૂપનું નામ 'ઈબાદત' પાડ્યું છે અને જ્યારે કોઈ વ્યક્તિને એ સ્વરૂપમાં એ અમલ કરતાં જુઓ છો, તો તમે માની બેસો છો કે તેણે અલ્લાહની 'ઈબાદત' કરી છે અને

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُوْنِ ۝

અર્થાત્, ''મેં જિન્નાત અને મનુષ્યને આ સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી કરે.''નો હેતુ પૂરો થઈ ગયો. હવે તે પોતાના જીવનમાં મુક્ત છે કે, જે ચાહે તે કરે.

ઈબાદત – સંપૂર્ણ જીવનમાં બંદગી :

પરંતુ ખરી હકીકત તો એ છે કે અલ્લાહે જે ઈબાદત માટે તમને પેદા કર્યા છે અને જેનો તમને હુકમ આપ્યો છે, તે તો કોઈ જુદી જ વસ્તુ છે. તે ઈબાદત એ છે કે તમે તમારા જીવન દરમ્યાન પ્રત્યેક પળો, પ્રત્યેક સંજોગોમાં ખુદાના જ કાનૂનનું અનુસરણ કરો અને પ્રત્યેક એવા કાનૂનના પાલનથી આઝાદ થઈ જાઓ, જે ખુદાઈ કાનૂનની વિરુદ્ધ હોય. તમારી પ્રત્યેક હિલચાલ તે હદની અંદર હોય, જે ખુદાએ તમારા માટે નક્કી કરી છે. તમારું પ્રત્યેક કાર્ય તે રીત મુજબનું હોય જે ખુદાએ દેખાડી છે. આ પ્રમાણે વિતાવેલું જીવન સર્વાંગ અને સંપૂર્ણપણે ઈબાદત હશે. એવા જીવનમાં તમારી ઊંઘ પણ ઈબાદત હશે. જાગરણ પણ ઈબાદત હશે. ખાવું-પીવું, હરવું-ફરવું અને બોલવું-ચાલવું

પણ ઈબાદત હશે. એટલું જ નહીં, પણ પોતાની પત્ની પાસે જવું અને પોતાના બાળકને વ્હાલ કરવો પણ ઈબાદત છે. જે કામોને તમે બિલકુલ દુનિયાદારી કહો છો, તે બધા પણ દીનદારી અને ઈબાદતના છે, જો તમે એમને પરિપૂર્ણ કરવામાં ખુદાએ નક્કી કરેલી હદનો ખ્યાલ રાખો. જીવનમાં ડગલે-ને-પગલે એ જોઈને ચાલો કે ખુદાની નજીક જાઈઝ શું છે, નાજાઈઝ શું છે? હલાલ શું છે અને હરામ શું છે? કઈ બાબત ફરજ કરવામાં આવી છે અને કઈ વસ્તુની મનાઈ કરવામાં આવી છે? કઈ વસ્તુથી ખુદા રાજી રહે છે અને કઈ વસ્તુથી નારાજ થાય છે? દાખલા તરીકે તમે રોજી કમાવવા નીકળો છો, ત્યારે ઘણાં એવા પ્રસંગો આવે છે, જેમાં હરામનો માલ અત્યંત સહેલાઈથી તમને મળી શકે છે. જો તમે ખુદાથી ડરી જઈને તે માલ તરફ હાથ લંબાવ્યો નહીં અને ફક્ત હલાલની રોજી કમાવી લાવ્યા, તો એ રોજી કમાવવા તમે જેટલો સમય વિતાવ્યો એ બધો ઈબાદતનો જ સમય ગણાશે અને આ રોજીમાંથી જે રોટલો તમે પોતે આરોગ્યો અને તમારા બાલ-બચ્ચાઓને અને ખુદાએ બતાવેલા બીજા હક્કદારોને ખવડાવ્યો એ બધા માટે અજ્ર (બદલો) અને સવાબ (પુણ્ય)ના હક્કદાર તમે થઈ ગયા. માર્ગમાં ચાલતાં જો તમે કોઈ પથ્થર કે કાંટાને એ વિચારથી ઉઠાવીને દૂર ફેંક્યો કે એનાથી ખુદાના બંદાઓ તકલીફથી બચી જાય તો એ પણ ઈબાદત છે. તમે કોઈ બીમારની સેવા કરી કે આંધળાને માર્ગ દેખાડ્યો કે મુસીબતમાં સપડાયેલાની મદદ કરી, તો આ પણ એક ઈબાદત છે. વાતચીત કરવામાં તમે અસત્ય, ચાડી-ચુગલી કે દિલ દુભાવવાથી બચતા રહ્યા અને ખુદાથી ડરી ફક્ત હક્ક (સાચી) વાત કહી તો જેટલો સમય તમે વાતચીતમાં ગાળ્યો એ સર્વ ઈબાદતમાં વીત્યો.

ખુદાની સાચી ઈબાદત તો એ છે કે સમજણા થયા પછીથી લઈને મૃત્યુ સુધી ખુદાના કાનૂન પર ચાલો અને એના હુકમ મુજબ જીવન વિતાવો. આ ઈબાદત માટે કોઈ સમય નક્કી નથી, આ ઈબાદત દરેક વખતે થવી જોઈએ. આ ઈબાદત માટે કોઈ સ્વરૂપ નથી. દરેક કામ અને દરેક સ્વરૂપમાં એ ઈબાદત થવી જોઈએ. જ્યારે તમે એવું નથી કહી શકતા કે ફલાણા સમયે હું ખુદાનો બંદો છું અને ફલાણા સમયે એનો બંદો નથી, તો તમે એ પણ કહી શકતા નથી કે ફલાણો વખત ખુદાની બંદગી અને ઈબાદત માટેનો છે અને ફલાણો વખત એની બંદગી અને ઈબાદત માટે નથી.

તમને ઈબાદતનો અર્થ સમજાયો અને એ પણ સમજાયું કે દરેક વખતે દરેક સ્થિતિમાં ખુદાની બંદગી અને તાબેદારી કરવાનું નામ જ ઈબાદત છે. હવે તમે પ્રશ્ન કરશો કે આ નમાઝ, રોઝા અને હજ્જ વગેરે શું વસ્તુ છે? એનો જવાબ આ છે કે વાસ્તવમાં આ જે ઈબાદતો અલ્લાહે તમારા ઉપર ફરજ કરી છે, તેમનો હેતુ તમને તે મોટી ઈબાદત માટે તૈયાર કરવાનો છે, જેને તમારે જીવનકાળ દરમ્યાન પ્રત્યેક સમય

અને પ્રત્યેક સ્થિતિમાં અદા કરવાની છે. નમાઝ તમને દિવસમાં પાંચ વખત યાદ દેવડાવે છે કે તમે અલ્લાહના બંદા છો, એની જ બંદગી તમારે કરવી જોઈએ. રોઝા વર્ષમાં એક વખત પૂરા એક મહિના સુધી તમને આ જ બંદગી માટે તૈયાર કરે છે. ઝકાત વારંવાર તમારૂં લક્ષ્ય દોરે છે કે જે ધન તમે ભેગું કર્યું છે, એ ખુદાએ અર્પણ કરેલું છે, એને ફક્ત તમારા પોતાના નફસની ઇચ્છાઓ પૂરી કરવા પાછળ ખર્ચી ન નાખો, બલ્કે પોતાના માલિકનો હક્ક પણ તેમાંથી અદા કરો. હજ્જ દિલ ઉપર ખુદાની મહોબ્બત અને મહાનતાનો એવો સિક્કો જમાવે છે કે જો તે એક વખત બરાબર જામી જાય, તો જીવનભર તેની અસર દિલમાંથી દૂર થઈ શકતી નથી.

આ સર્વ ઈબાદતોને અદા કર્યા પછી, જો તમે એ લાયક થઈ ગયા હોવ કે તમારું આખુંય જીવન ખુદાની ઈબાદત બની જાય, તો નિઃશંક તમારી નમાઝ નમાઝ છે, તમારા રોઝા રોઝા છે, ઝકાત ઝકાત અને હજ્જ હજ્જ છે. પણ જો આ હેતુ પૂરો ન થયો, તો ફક્ત રુકૂઅ અને સિજદા કરવાથી, ભૂખ્યા-તરસ્યા દિવસ વિતાવવાથી, હજ્જની રસમ અદા કરવાથી અને ઝકાતની રકમ આપવાથી કંઈ જ પ્રાપ્ત થશે નહીં. આ બાહ્ય તરીકાઓનો દાખલો તો એક શરીર જેવો છે. જો શરીરમાં પ્રાણ હોય અને તે હરી-ફરી કામ કરી શકતું હોય, તો તે નિઃશંક એક જીવંત ઈન્સાન છે. પણ જો તેમાં પ્રાણ જ ન હોય તો તે એક લાશ છે. મૃત્યુ પામેલી વ્યક્તિના શરીરને આંખ, નાક, કાન, હાથ સર્વ કંઈ હોય છે, પણ એમાં પ્રાણ જ હોતા નથી. એ કારણે તમે એને માટી નીચે દાટી દો છો. એવી જ રીતે જો નમાઝના અરકાન પૂરેપૂરા અદા થાય અથવા રોઝાની શરતો અચૂક રીતે પૂરી થાય, પણ ખુદાનો ડર, એની મહોબ્બત અને વફાદારી, એની તાબેદારી અને અનુસરણ ન હોય કે જેને માટે નમાઝ-રોઝા વાસ્તવમાં ફર્ઝ કરવામાં આવ્યા છે, તો એ પણ એક નિર્જીવ વસ્તુ હશે.

હું હવે તમને સમજાવીશ કે જે ઈબાદતો ફરજ કરવામાં આવી છે, તેમાંની પ્રત્યેક કેવી રીતે ઈન્સાનને એ મોટી ઈબાદત માટે તૈયાર કરે છે અને જો ઈબાદતને આપ સમજી-વિચારીને અદા કરો અને તેમના મૂળ હેતુને પૂરો કરવાનો પ્રયાસ કરો, તો એની તમારા જીવન પર શું અસર પડી શકે છે.

—•—

પ્રકરણ – ૨

નમાઝ

પાછલા પૃષ્ઠોમાં મેં તમારા સમક્ષ ઈબાદતના મૂળ અર્થનું વર્ણન કર્યું હતું. હવે હું તમને બતાવીશ કે ઈસ્લામમાં જે ઈબાદતો ફરજ કરવામાં આવી છે, તે કઈ રીતે ઈન્સાનને એ મહાન અને અસલી ઈબાદત માટે તૈયાર કરે છે, જેના માટે અલ્લાહે ઈન્સાનને પેદા કર્યો છે. આમાં સૌથી મોટી અને અગત્યની વસ્તુ નમાઝ છે.

ઈબાદતનો સાચો અર્થ :

તમે સારી રીતે જાણી ચૂક્યાં છો કે ઈબાદત વાસ્તવમાં બંદગીને કહે છે. જ્યારે તમે ખુદાના બંદા તરીકે જ પેદા થયા છો તો તમે કોઈ પણ વખત, કોઈ પણ સંજોગોમાં એની બંદગીથી મુક્ત થઈ શકતા નથી. જેવી રીતે તમે એ નથી કહી શકતા કે આટલા કલાક અથવા આટલી મિનિટો માટે હું ખુદાનો બંદો છું અને બાકીના વખત માટે એનો બંદો નથી. એવી જ રીતે તમે એ પણ નથી કહી શકતા કે હું આટલો વખત ખુદાની ઈબાદતમાં ગુજારીશ અને બાકીના વખત માટે મને આઝાદી છે કે જે ઈચ્છું તે કરૂં. તમે તો ખુદાના આજીવન ગુલામ છો. તેણે તમને બંદગી માટે જ પેદા કર્યા છે. તેથી તમારું પૂરૂં જીવન એની બંદગીમાં જ વિતાવવું જોઈએ. એક પળ માટે પણ તમારે એની ઈબાદતથી ગાફેલ થવું જોઈએ નહીં.

હું તમને એ પણ જણાવી ચૂક્યો છું કે ઈબાદતનો અર્થ દુનિયાના કામકાજથી અલગ થઈને એક ખૂણામાં બેસી 'અલ્લાહ...અલ્લાહ' કરવું નથી. ઈબાદતનો મૂળ અર્થ તો એ છે કે આ દુનિયામાં તમે જે કંઈ કરો, એ ખુદાના જ કાનૂન મુજબ કરો. તમારી ઊંઘ અને જાગરણ, આહાર અને વિહાર, હરવું-ફરવું અને બોલવું-ચાલવું એ સર્વ ખુદાના કાનૂનને આધીન હોવા જોઈએ. જ્યારે આપ ઘરમાં હોવ તો બાળ-બચ્ચાં, ભાઈ-બહેનો અને સગાં-વહાલાંઓ સાથે ખુદાના હુકમ મુજબ વર્તન કરો. મિત્રો જોડે હસવા-બોલવામાં પણ તમને એ ખ્યાલ હોવો જોઈએ કે ખુદાની બંદગીથી તમે મુક્ત નથી. જ્યારે તમે રોજી મેળવવા ઘરથી નીકળો અને

લોકો સાથે લેવડ-દેવડ કરો, તો પણ તમો એકે-એક વાત અને એકે-એક કામમાં ખુદાના હુકમોનો ખ્યાલ રાખો અને ક્યારેય પણ ખુદાએ નક્કી કરેલી હદને ઓળંગો નહીં. આ છે ઈબાદત !

રાત્રિના અંધકારમાં તમે કોઈ ગુનો એવી રીતે કરી શકતા હોવ કે તમને એ યાદ રહે કે ખુદા તમને જોઈ રહ્યો છે, આ વખતે તમને માત્ર ખુદાનો ડર હોવો જોઈએ, ન કે દુનિયાના લોકોનો. તમે જંગલમાં એકલા જઈ રહ્યા હોવ અને ત્યાં કોઈ ગુનો એવી રીતે કરી શકતા હોવ કે પોલીસનો એક પણ માણસ કે સાક્ષી ત્યાં હોય નહીં, તો ત્યાં પણ તમે ખુદાને યાદ કરી એ ગુનો કરતાં અટકી જાઓ. જ્યારે તમે જૂઠું બોલીને કે બેઈમાની અને જુલ્મ વડે ઘણો લાભ મેળવી શકતા હોવ અને તમને એમાં કોઈ રોકટોક કરનાર ન હોય ત્યારે પણ માત્ર ખુદાની બીકના કારણે તે લાભને જતો કરો કે ખુદા એનાથી નારાજ થઈ જશે. સચ્ચાઈ અને ઈમાનદારી પર ચાલવાથી તમને વારંવાર નુકસાન પહોંચી રહ્યું હોય ત્યારે પણ તમે એ નુકસાનને હસતા મુખે, એ કારણે સ્વીકાર કરો કે ખુદા એનાથી રાજી થશે. બસ, આનું જ નામ છે ઈબાદત. દુનિયાનો ત્યાગ કરીને ખૂણાઓમાં ભરાઈ જઈ તસ્બીહના દાણાઓ ફેરવવાનું નામ ઈબાદત નથી.

દુન્યવી વ્યવહારમાં પ્રવૃત્ત રહીને ખુદાના કાનૂનનું પાલન કરવું, એ જ ઈબાદત છે. અલ્લાહના ઝિક્રનો અર્થ એ નથી કે ફક્ત જીભથી 'અલ્લાહ...અલ્લાહ' ઉચ્ચારતા રહો, બલ્કે વાસ્તવમાં અલ્લાહના ઝિક્રનો અર્થ તો એ છે કે દુનિયાના ઝઘડા-જંજાળમાં જકડાયેલા રહીને ખુદાને યાદ રાખો. જે વસ્તુઓ ખુદાને ભૂલાવી દેનાર છે, તેમાં વ્યસ્ત રહીને પણ ખુદાને યાદ રાખો, એ છે ઈબાદત. દુન્યવી જીવનમાં જ્યાં ખુદાઈ કાનૂનના ભંગ અર્થે અસંખ્ય પ્રસંગો મોટા-મોટા લાભની લાલચ અને નુકસાનના ભય લઈને આવતા હોય, ત્યાં પણ ખુદાને યાદ રાખો અને ખુદાઈ કાનૂન પર મક્કમતાપૂર્વક કાયમ રહો. આને કહે છે વાસ્તવમાં ખુદાની યાદ અને આ છે ખરો 'ઝિક્રે-ઈલાહી'. આ ઝિક્ર પ્રત્યે જ કુર્આન-શરીફમાં ઈશારો કરવામાં આવ્યો છે કે –

فَإِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوْا فِي الْأَرْضِ وَابْتَغُوْا مِنْ
فَضْلِ اللّٰهِ وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝

અર્થાત્, ''પછી જ્યારે નમાઝ પૂરી થઈ જાય તો ધરતી ઉપર ફેલાઈ જાવ અને અલ્લાહની કૃપા શોધો (એટલે કે હલાલ રોજીની શોધમાં લાગી જાઓ) અને (આ કામ

દરમ્યાન) અલ્લાહને પુષ્કળ યાદ કરતા રહો, જેથી કદાચ તમને સફળતા પ્રાપ્ત થઈ જાય." (સૂરઃ જુમુઆ, આ. ૧૦)

નમાઝના ફાયદા :

ઈબાદતના આ અર્થને ધ્યાનમાં રાખીને વિચાર કરો કે આટલી મોટી ઈબાદતને પૂરી કરવા માટે કઈ વસ્તુઓની જરૂર છે અને નમાઝ કેવી રીતે એ સર્વે વસ્તુઓ ઈન્સાનમાં પેદા કરે છે.

બંદગીની ભાવના :

સૌથી પ્રથમ તો એ વાતની જરૂર છે કે તમને વારંવાર એ યાદ અપાવવામાં આવે છે કે તમે ખુદાના બંદા છો અને તેની બંદગી તમને દરેક વખતે દરેક કામમાં કરવાની છે. આ યાદ અપાવવાની જરૂર એ કારણે છે કે એક શેતાન ઈન્સાનના નફસમાં લપાઈ બેઠેલો છે, જે દરેક વખતે કહેતો રહે છે કે તું મારો બંદો છે અને આવા લાખો-કરોડો શેતાનો ચારે તરફ દુનિયામાં ફેલાયેલા છે અને તેમનામાંથી દરેક આ જ કહી રહ્યો છે કે તું મારો બંદો છે. આ શેતાનોનો જાદૂ ત્યાં સુધી તૂટી શકતો નથી, જ્યાં સુધી ઈન્સાનને દિવસમાં અનેકવાર એ યાદ ન દેવડાવવામાં આવે કે એ ખુદા સિવાય અન્ય કોઈનો બંદો નથી, માત્ર ખુદાનો બંદો છે. આ જ કામ નમાઝ કરે છે. સવારમાં ઊઠતાં સૌથી પહેલાં તમને તે આ જ વસ્તુની યાદ અપાવે છે. એ પછી જ્યારે તમારા દિવસના કામકાજમાં તમે રોકાયેલા હોવ, ત્યારે પણ ત્રણ વખત એ જ યાદને તાજી કરે છે અને જ્યારે તમે રાત્રે સૂવા માટે જાઓ છો, ત્યારે છેલ્લીવાર પણ એ જ યાદનું પુનરાવર્તન કરે છે. નમાઝનો આ પહેલો ફાયદો છે. આ જ કારણે કુર્આનમાં નમાઝને 'ઝિક્ર'ની ઉપમા આપવામાં આવી છે, કેમ કે એ ખુદાની બંદગીની યાદ અપાવે છે.

કર્તવ્ય-પાલન :

વળી, તમારે આખા જીવન દરમ્યાન ડગલે-ને-પગલે ખુદાના હુકમોનું પાલન કરવાનું હોઈ, એ જરૂરી છે કે તમારામાં ફરજને ઓળખવાનો ગુણ અને તેને ચુસ્તપણે અદા કરવાની ટેવ પણ હોય. વ્યક્તિને ફરજ શું છે એનું જ ભાન ન હોય, તે વ્યક્તિ હુકમોનું પાલન કરી શકે જ નહીં તેમજ જે વ્યક્તિ ફરજને તો જાણતી હોય, પણ તેની તાલીમ એવી રીતે થઈ હોય કે ફરજને ફરજ તરીકે જાણ્યા છતાંય તેને અદા કરવાની દરકાર ન રાખે, તો રાત-દિવસના ચોવીસ કલાકમાં તેને જે હજારો હુકમો આપવામાં આવશે, તેનું તે ચુસ્તપણે પાલન કરશે એવી આશા રાખી શકાય નહીં.

અનુસરણની કવાયત :

જે લોકોને લશ્કર અથવા પોલીસમાં નોકરી કરવાનો પ્રસંગ સાંપડ્યો છે, તેઓ સારી પેઠે જાણે છે કે એ બંને નોકરીઓમાં ડ્યૂટીને સમજવા અને તેને અદા કરવાની ટેવ પાડવા કેવા-કેવા ઉપાયો યોજવામાં આવે છે. દિવસ અને રાતમાં અનેકવાર બ્યૂગલો ફૂંકવામાં આવે છે, સૈનિકોને એક જગ્યાએ હાજર થઈ જવાનો હુકમ અપાય છે, પરેડ કરાવવામાં આવે છે. આ બધું એટલા માટે કરવામાં આવે છે કે તેઓ હુકમનું પાલન કરવા ટેવાય અને જે લોકો એમના અંદર સુસ્ત અને ગેરલાયક હોય, જેઓ બ્યૂગલનો અવાજ સાંભળ્યા છતાં બેરેકમાં બેસી રહે અથવા પરેડ દરમ્યાન હુકમ મુજબ હિલચાલ કરે નહીં, તેમને પ્રથમ તબક્કામાં જ નકામા ગણીને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવે છે. નમાઝ પણ આવી જ રીતે દિવસમાં પાંચ વખત બ્યૂગલ ફૂંકે છે, જેથી અલ્લાહના સૈનિકો તે અવાજને સાંભળીને જ્યાં હોય ત્યાંથી દોડતા આવે અને સાબિત કરે કે તેઓ અલ્લાહના હુકમોને માનવા માટે દરેક પળે તૈયાર છે. જે મુસલમાન આ બ્યૂગલનો અવાજ સાંભળ્યા છતાં પોતાની જગ્યાએથી ખસતો નથી, તે હકીકતમાં એવું સાબિત કરે છે કે કાં તો એ પોતાની ફરજને ઓળખતો જ નથી અને કાં ઓળખે છે, તો એટલો ગેરલાયક અને નકામો છે કે ખુદાના સૈન્યમાં રહેવાને લાયક નથી.

આ જ કારણે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે જે લોકો અઝાનનો અવાજ સાંભળીને પોતાના ઘરોમાંથી નીકળતાં નથી, તેમના વિષે મારૂં મન ચાહે છે કે જઈને તેમના ઘરોને આગ ચાંપી દઉં. આ જ કારણ છે કે હદીસમાં નમાઝ અદા કરવાને કુફ્ર અને ઈસ્લામ દરમ્યાન તફાવતરૂપ લેખ્યું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબા રદિ.ના જમાનામાં કોઈ એવી વ્યક્તિને મૂળથી મુસલમાન ગણવામાં આવતી જ ન હતી, જે નમાઝ માટે જમાઅતમાં હાજર ન થતી હોય. એટલે સુધી કે મુનાફિકો સુદ્ધાંને પોતાને મુસલમાન લેખાવવા માટે જમાઅત સાથે નમાઝમાં હાજરી આપ્યા વગર ચાલતું નહોતું.

આથી કુર્આનમાં મુનાફિકોને જે માટે ઠપકો આપવામાં આવ્યો છે તે એ નથી કે તેઓ નમાઝ અદા કરતાં નથી, બલ્કે એ કે તેઓ અનિચ્છાએ અને અત્યંત કમને નમાઝ માટે તૈયાર થાય છે.

وَاِذَا قَامُوْٓا اِلَى الصَّلٰوةِ قَامُوْا كُسَالٰى ۙ

અર્થાત્ ''જ્યારે આ લોકો નમાઝ માટે ઊભા થાય છે, તો કમને માત્ર લોકોને દેખાડવા માટે ઊઠે છે.'' (સૂરઃ નિસા, આ. ૧૪૨)

આનાથી એ જણાયું કે ઈસ્લામમાં કોઈ એવી વ્યક્તિને મુસલમાન સમજવાની શક્યતા નથી, જે નમાઝ ન પઢતી હોય, કેમ કે ઈસ્લામ ફક્ત અકીદા-આસ્થાની વસ્તુ નથી, બલ્કે અમલી વસ્તુ છે અને અમલી પણ એટલે દરજ્જે કે જીવનમાં દરેક વખતે દરેક પળે એક મુસલમાનને ઈસ્લામ પર અમલ કરવા તેમજ કુફ્ર અને ગુનેગારીથી લડવાની જરૂરત હોય છે. આવા જબરજસ્ત અમલી જીવન માટે એ અનિવાર્ય છે કે મુસલમાન ખુદાના હુકમોને બજાવી લાવવા હર પળે અડીખમ તૈયાર ઊભો હોય. જે વ્યક્તિ આટલી તૈયારી દાખવી શકતી નથી, તે ઈસ્લામ માટે સંપૂર્ણપણે નકામી છે. દિવસમાં પાંચ વખત નમાઝ એટલા માટે જ ફરજિયાત કરવામાં આવી છે. જેથી જે લોકો મુસલમાન હોવાનો દાવો કરે છે, તેમની વારંવાર પરીક્ષા લેવામાં આવે કે હકીકતમાં તેઓ અમલી જીવનમાં ખુદાના હુકમોને બજાવી લાવવા માટે તૈયાર છે કે નહીં. જો તેઓ ખુદાઈ પરેડનો બ્યૂગલ સાંભળીને જરાય હાલતાં નથી, તો એનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ ઈસ્લામના અમલી જીવન માટે તૈયાર નથી. એ પછી તેમનો ખુદા અને રસૂલને માનવાનો કોઈ અર્થ જ નથી. આથી જ કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે –

وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ﴿۴۵﴾

અર્થાત્, ''નિઃશંક નમાઝ એક સખત મુશ્કેલ કાર્ય છે, પરંતુ એ આજ્ઞાકારી બંદાઓ મુશ્કેલ નથી, જેઓ સમજે છે કે છેવટે તેમને પોતાના રબને મળવાનું અને તેના જ તરફ પાછા ફરવાનું છે.'' (સૂરઃ બકરહ, આ. ૪૫)

જે લોકો ખુદાની બંદગી અને તેના અનુકરણ માટે તૈયાર નથી, તેઓ પર જ (નમાઝ) ભારે થાય છે અને જેઓ પર નમાઝ ભારરૂપ થાય તેઓ સ્વયં એ વાતની સાબિતી આપે છે કે તેઓ ખુદાની બંદગી અને તેના અનુકરણ માટે તૈયાર નથી.

અલ્લાહનો ડર પેદા કરવો :

ત્રીજી વસ્તુ ખુદાનો ડર છે, જેનું પ્રત્યેક પળે હૃદયમાં સ્મરણ તાજું રહેવું જરૂરી છે. મુસલમાન ઈસ્લામ મુજબ ત્યાં સુધી અમલ નથી કરી શકતો, જ્યાં સુધી એને એ વિશ્વાસ ન હોય કે ખુદા દરેક વખત અને દરેક જગ્યાએ એને જુએ છે. તેની પ્રત્યેક ક્રિયાની ખુદાને ખબર છે. ખુદા અંધકારમાં પણ તેના સાથે રહે છે. તમામ દુનિયાથી સંતાઈ જવું શક્ય છે, તમામ દુનિયાની સજાઓથી બચી શકાય છે, પણ

ખુદાથી સંતાવું કે તેની સજાથી બચી જવું શક્ય નથી. આ જ વિશ્વાસ મુસલમાનને ખુદાના હુકમોની નાફરમાની (અવજ્ઞા)થી રોકે છે. આ જ વિશ્વાસના બળે એ હલાલ અને હરામની તે હદોની કાળજી રાખવા મજબૂર થાય છે, જે અલ્લાહે જીવનના મામલાઓમાં કાયમ કરી છે.

જો આ વિશ્વાસ નબળો પડી જાય, તો મુસલમાન સાચા અર્થમાં મુસલમાનની જેમ જીવન જીવી શકે જ નહીં. આથી જ અલ્લાહે નમાઝને દિવસમાં પાંચ વખત ફરજિયાત કરી છે, જેથી તે એ વિશ્વાસને વારંવાર હૃદયમાં મજબૂત રાખી શકે. અલ્લાહે નમાઝના આ રહસ્યને સ્વયં કુર્આનમાં ફરમાવ્યું છે –

إِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَاءِ وَالْمُنْكَرِ

અર્થાત્, ''નિઃશંક નમાઝ નિર્લજ્જતા અને બૂરા કામોથી રોકે છે.''

(સૂરઃ અન્-કબૂત, આ. ૪૫)

આનું કારણ તમે જ વિચાર કરીને સમજી શકો છો. દાખલા તરીકે તમે નમાઝ માટે પાક થઈ અને વુઝૂ• કરીને આવો છો. જો તમે નાપાક હોવ અને ગુસ્લ કર્યા વિના આવી જાવ અથવા તમારા કપડાં નાપાક હોય અને એ જ કપડાં પહેરીને તમે આવી જાવ અથવા તમારું વુઝૂ ન હોય અને તમે એવું કહી દો કે વુઝૂ કરીને આવ્યો છું, તો દુનિયામાં તમને કોણ પકડી શકે છે ? પણ તમે આવું નથી કરતા, શા માટે ? એટલા માટે કે તમને વિશ્વાસ છે કે એ ગુનો ખુદાથી છાનો રહી શકતો નથી. એ જ રીતે નમાઝમાં જે વસ્તુ ધીમે પઢવામાં આવે છે, તેને ન પઢો તો કોઈને પણ એની ખબર પડી શકતી નથી. છતાં તમે ક્યારેય એવું નથી કરતા. કેમ કે તમને વિશ્વાસ છે કે ખુદા સર્વ કાંઈ સાંભળી રહ્યો છે અને તે તમારી ધોરી નસથી પણ વધુ પાસે છે. એવી જ રીતે તમે જંગલમાં પણ નમાઝ પઢો છો, ઘરમાં જ્યારે એકલા હોવ છો ત્યારે પણ નમાઝ પઢો છો, જો કે એ વખતે તમને કોઈ જોનાર હોતું નથી અને કોઈને એની ખબર સુદ્ધાં પડતી નથી કે તમે નમાઝ પઢી નથી. એનું કારણ શું છે ? એ જ કે તમે એકાંતમાં પણ ખુદાના હુકમોના ઉલ્લંઘનથી ડરો છો. તમને વિશ્વાસ છે કે ખુદાથી કોઈ ગુનો સંતાડવો શક્ય જ નથી. આથી તમે કલ્પી શકો છો કે નમાઝ કેવી રીતે ખુદાનો ડર અને તેના 'હાજિર-નાઝિર'•• અને સર્વે બાબતથી પરિચિત હોવાનો વિશ્વાસ ઇન્સાનના હૃદયમાં પેદા કરી તેને તાજો અને જીવંત રાખે છે.

• નમાઝ પહેલાં હાથ-પગ અને મોઢાંને ધોવાની ક્રિયા

•• 'હાજિર-નાઝિર' એટલે સર્વવ્યાપી અને સર્વજ્ઞાની (Omnipresent and Omniscient)

રાત-દિવસના ૨૪ કલાકમાં તમે ખુદાની બંદગી ત્યાં સુધી કરી શકતા જ નથી, જ્યાં સુધી તમારા હૃદયમાં ખુદાનો ડર અને તેનો વિશ્વાસ તાજો ન થતો રહે. જો એ વસ્તુથી તમારું હૃદય કોરૂં હોય, તો રાત-દિવસ જે હજારો મામલાઓથી તમને સંબંધ છે, તેમાં તમે ખુદાથી ડરીને નેકી પર કાયમ રહી શકો અને બદીથી બચતા રહો એ કદી શક્ય નથી.

અલ્લાહના કાનૂનની જાણકારી :

ખુદાઈની ઈબાદત માટે ચોથી અગત્યની વસ્તુ એ છે કે તમે ખુદાના હુકમોથી પરિચિત હોવ. એટલા માટે કે જ્યારે તમને એના કાનૂનની જાણ જ ન હોય, તો એનું પાલન કેવી રીતે કરશો ? આ કામને પણ નમાઝ અંજામ આપે છે. નમાઝમાં કુર્આન પઢવામાં આવે છે, તે એટલા માટે જ કે તમે દરરોજ ખુદાના હુકમો અને તેના કાનૂનથી પરિચિત થતા રહો.

જુમ્આનો ખુત્બો પણ ઈસ્લામી તાલીમથી વાકેફ કરવા અર્થે જ રાખવામાં આવ્યો છે. જમાઅત સાથે નમાઝ અને જુમ્આનો એક ફાયદો એ પણ છે કે આલિમો અને જનતા વારંવાર એક સ્થળે એકઠા થાય અને લોકોને હંમેશાં ખુદાના હુકમોથી પરિચિત થવાનો પ્રસંગ સાંપડતો રહે. હવે એ તમારું દુર્ભાગ્ય છે કે નમાઝમાં તમે જે કાંઈ પઢો છો, તેનાથી વાકેફ થવાનો પ્રયાસ કરતા નથી. તમને જુમ્આના ખુત્બા પણ એવા સંભળાવવામાં આવે છે, જેનાથી તમને ઈસ્લામ વિષેનું કોઈ જ શિક્ષણ પ્રાપ્ત થતું નથી. નમાઝની જમાઅતોમાં આવીને પણ તમારા આલિમ ભાઈઓ પોતાના અજ્ઞાન ભાઈઓને ન તો કંઈ શીખવાડે છે અને ન એ અજ્ઞાનીઓ પોતાના આલિમ ભાઈઓને કંઈ પૂછે છે. નમાઝ તો તમને આ બધા લાભો મેળવવાની તક આપે છે. તમે પોતે જ એનો લાભ ન ઉઠાવો તો તેમાં નમાઝનો શું દોષ ?

સામૂહિકતાનો અભ્યાસ :

પાંચમી વસ્તુ એ છે કે મુસલમાન જીવનના આ સંગ્રામમાં એકલો ન રહે, બલ્કે સૌ મુસલમાનો સાથે મળીને એક મજબૂત જમાઅત બની જાય અને ખુદાની ઈબાદત એટલે તેના હુકમોનું પાલન કરવા, તેના કાનૂન પર અમલ કરવા અને તે કાનૂનને દુનિયામાં સ્થાપિત કરવા માટે બીજાને મદદ કરે. તમે જાણો છો કે આ જીવનમાં એક તરફ મુસલમાનો એટલે ખુદાના આજ્ઞાંકિત બંદાઓ છે અને બીજી તરફ કાફિરો એટલે ખુદાના બંડખોર બંદાઓ છે. રાત-દિવસ આજ્ઞા અને અવજ્ઞા વચ્ચે સંઘર્ષ ચાલતો રહે છે. બળવાખોરો ખુદાના કાનૂનનો ભંગ કરે છે અને એની વિરુદ્ધ દુનિયામાં શેતાની કાનૂનોને ચલાવે છે.

આના મુકાબલે એક મુસલમાન એકલો તો સફળ ન થઈ શકે, તથી એ જંરૂરી છે કે ખુદાના આજ્ઞાંકિત બંદાઓ સંગઠિત થઈને બળવાનો મુકાબલો કરે અને ખુદાઈ કાનૂનનેં લાગુ કરે.

આવી સંગઠિત શક્તિ પેદા કરવાની બધી વસ્તુઓમાં સૌથી ચઢિયાતી વસ્તુ નમાઝ છે. પાંચ વખતે બાજમાઅત, એ પછી જુમ્આનો મોટો ઈજતેમાઅ (પરિષદ) અને એ પછી બંને ઈદોનું મિલન, આ બધાં મળીને મુસલમાનોને એક મજબૂત દીવાલની જેમ બનાવી દે છે અને તેમનામાં એવી એકાગ્રતા અને અમલી એકતા જન્માવે છે, જે દરરોજના અમલી જીવનમાં મુસલમાનોને એકબીજાના મદદગાર બનાવવા માટે જરૂરી છે.

—•—

પ્રકરણ – ૩

નમાઝમાં તમે શું પઢો છો ?

હું તમને એ જણાવી ચૂક્યો છું કે નમાઝ કેવી રીતે ઈન્સાનને અલ્લાહની ઈબાદત અર્થાત્, બંદગી અને તાબેદારી માટે તૈયાર કરે છે. આ અંગે મેં જે કંઈ કહ્યું છે, તે પરથી તમે સમજી શક્યા હશો કે જે વ્યક્તિ નમાઝને ફક્ત ફરજ અને અલ્લાહનો હુકમ માનીને રીતસર અદા કરે છે, તે જો નમાઝની દુઆનો અર્થ ન સમજતી હોય, તો પણ તેના અંદર ખુદાનો ડર અને તેના 'હાજિર-નાઝિર' (સર્વવ્યાપી અને સર્વજ્ઞ) હોવાનો વિશ્વાસ તેમજ એક દિવસ ખુદાની અદાલતમાં હાજર થવાનું છે, તે યકીન અને વિશ્વાસ દરેક પળે તાજો થતો રહે છે. તેના હૃદયમાં એ આસ્થા હંમેશાં જીવંત રહે છે કે તે ખુદા સિવાય બીજા કોઈનો બંદો નથી. ખુદા જ તેનો અસલી બાદશાહ અને હાકેમ છે. ફરજને સમજવા અને તેને અદા કરવાની તેને ટેવ પડે છે અને તે ગુણ તેનામાં આપોઆપ જન્મે છે, જે ઈન્સાનના સમસ્ત જીવનમાં ખુદાની બંદગી અને આજ્ઞાપાલન માટે જરૂરી છે.

હવે હું તમને જણાવવા ઈચ્છું છું કે નમાઝને વગર સમજે રીતસર પઢવાના આવા પરિણામ એ જાણતો હોય કે તે શું પઢી રહ્યો છે, તો તેની અસર તેના વિચારો અને રહેણી-કરણી પર કેટલી જબરજસ્ત પડશે અને તેની ઈમાનની શક્તિ કેટલી બધી વધતી જશે અને તેના જીવનનો રંગ કેવો પલ્ટાઈ જશે.

અઝાન અને તેની અસરો :

સૌપ્રથમ અઝાનને લો. દિવસમાં પાંચ વખત તમને શું કહીને પોકારવામાં આવે છે ?

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ

અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર

અર્થાત્, ''અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે.''

اَشْــهَدُ اَنْ لَآ اِلٰــهَ اِ لَّا اللّٰهُ

અશ્હદુ અન્ લાઈલાહ ઈલ્લલ્લાહ

અર્થાત્, ''હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅ્બૂદ નથી, કોઈ બંદગીનો હક્કદાર નથી.''

اَشْــهَدُ اَنَّ مُحَمَّداً رَّ سُــوْلُ اللّٰهِ

અશ્હદુ અન્ન મુહમ્મદુર્-રસૂલુલ્લાહ

અર્થાત્, ''હું સાક્ષી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે.''

حَیَّ عَـلَی الصَّـلٰوةِ

હય્યા અલસ્-સલાહ

અર્થાત્, ''આવો નમાઝ માટે.''

حَیَّ عَـلَی الْفَـلَاحِ

હય્યા અલલ્ ફલાહ

અર્થાત્, ''આવો એ કામ માટે, જેમાં ભલાઈ જ ભલાઈ છે.''

اَللّٰهُ اَكْـبَـرُ اَللّٰهُ اَكْـبَـرُ

અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર

અર્થાત્, ''અલ્લાહ સૌથી મહાન છે, અલ્લાહ સૌથી મહાન છે.''

لَآ اِلٰــهَ اِ لَّا اللّٰهُ

લાઈલાહ ઈલ્લલ્લાહ

અર્થાત્, ''અલ્લાહ સિવાય કોઈ મઅ્બૂદ નથી.''

જુઓ, આ કેવો જબરજસ્ત પોકાર છે ! દરરોજ પાંચ વખત આ અવાજ કેવી રીતે તમને યાદ અપાવે છે કે જમીનમાં જેટલા મોટા-મોટા ખુદાઈના દાવા કરનારાઓ નજરે પડે છે, તેઓ સૌ જુઠ્ઠા છે. જમીન અને આકાશમાં એક જ હસ્તી એવી છે કે જેના માટે મોટાઈ છે અને તે જ ઈબાદતને લાયક છે. આવો, તેની ઈબાદત કરો. એની જ ઈબાદતમાં તમારા માટે દુનિયા અને આખિરતની ભલાઈ છે. કોણ છે એવો, જે આ અવાજ સાંભળીને કંપી ન ઊઠે ? કેવી રીતે શક્ય છે કે જેના હૃદયમાં ઈમાન હોય, તે આવી મોટી સાક્ષી અને આવો જબરજસ્ત પોકાર સાંભળીને પોતાની જગ્યાએ બેસી રહે અને પોતાના માલિકની આગળ શીશ ઝુકાવવા દોડી ન જાય ?

વુઝૂ :

આ અવાજ સાંભળીને તમે ઊભા થાવ છો અને સૌથી પહેલાં પોતાનું નિરીક્ષણ કરીને જુઓ છો કે હું પાક છું કે નાપાક ? મારા કપડાં પાક છે કે નહીં ? મારે 'વુઝૂ' છે કે નથી ? એટલે કે તમને એ વાતનો અહેસાસ છે કે લોક-પરલોકના બાદશાહના દરબારમાં હાજરીનો મામલો દુનિયાના બીજા તમામ મામલાઓ કરતાં જુદો છે. બીજા કમ તો દરેક સ્થિતિમાં કરી શકાય છે, પરંતુ અહીં શરીર અને પોષાકની પવિત્રતા અને આ પવિત્રતા ઉપરાંત 'વુઝૂ' વિના હાજરી આપવી ખૂબ જ અશિષ્ટતા છે. આ અહેસાસ સાથે તમે પહેલાં પોતાના પાક હોવા અંગે સંતુષ્ટ થઈ જાવ છો અને પછી 'વુઝૂ' શરૂ કરી દો છો. આ 'વુઝૂ' દરમ્યાન જો તમે પોતાના અવયવો ધોવાની સાથો-સાથ અલ્લાહનો ઝિક્ર પણ કરતા રહો અને (વુઝૂથી) પરવાર્યા પછી એ દુઆ પઢો, જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે શીખવાડી છે, તો માત્ર તમારા અવયવો જ નહીં ધોવાય, બલ્કે સાથો-સાથ તમારૂં દિલ પણ ધોવાઈ જશે. એ દુઆના શબ્દો આ છે –

اَشْهَدُ اَنْ لَّآ اِلٰـهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا
عَبْدُهٗ وَرَسُوْلُهٗ، اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ.

અશ્હદુ અન્-લાઈલાહ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લાશરી-ક લહૂ, વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહૂ, અલ્લાહુમ્મજ્-અલની મિનત્તવ્વાબીન વજ્અલની મિનલ્ મુતતહ્હિરીન.

અર્થાત્, ''હું સાક્ષી આપું છું કે એક માત્ર એક લાશરીક અલ્લાહ સિવાય કોઈ મઅ્બૂદ નથી (ઈબાદતને લાયક નથી) અને હું સાક્ષી આપું છું કે મુહમ્મદ (સલ્લલ્લાહુ

અલયહિ વસલ્લમ) અલ્લાહના બંદા અને રસૂલ છે. હે અલ્લાહ ! મને તૌબા કરનારાઓમાં સામેલ કર અને મને પવિત્રતા અખત્યાર કરનાર બનાવ.''

નિયત :

એ પછી તમે નમાઝ માટે ઊભા થાવ છો. મોં કિબ્લા (કા'બાની દિશા)ના સામે છે. પાક-સાફ થઈને સૃષ્ટિના સર્જનહારના દરબારમાં હાજર છો. સૌપ્રથમ તમારા મોઢેથી આ શબ્દો નીકળે છે – 'અલ્લાહુ અકબર' અર્થાત્, 'અલ્લાહ સૌથી મહાન છે.' આ જબરજસ્ત હકીકતનો એકરાર કરીને તમે કાનો સુધી હાથ ઉઠાવો છો. જાણે કે દુનિયા અને તેની તમામ વસ્તુઓથી હાથ ઉઠાવી રહ્યાં છો ! પછી 'અલ્લાહુ અકબર' કહીને હાથ બાંધી લો છો. જાણે તમે બધું ભૂલી જઈને તમારા બાદશાહ સમક્ષ અદબપૂર્વક હાથ બાંધીને ઊભા છો ! એ પછી તમે શું અરજ કરો છો –

سُبْحٰنَكَ اللّٰهُمَّ وَبِحَمْدِكَ وَتَبَارَكَ اسْمُكَ وَتَعَالٰى جَدُّكَ وَلَآ اِلٰهَ غَيْرُكَ.

સુબ્હા-ન-ક અલ્લાહુમ્મ વ બિહમ્દિ-ક વ તબારકસ્મુ-ક વ તઆલા જદ્દુ-ક વ લાઈલાહ ગયરૂ-ક.

અર્થાત્, ''તારી પવિત્રતાનું વર્ણન કરૂં છું, હે અલ્લાહ અને તે પણ તારી પ્રશંસાની સાથે, ખૂબ બરકતવાળું નામ છે તારું, સૌથી ઊંચી અને મહાન છે તારી બુઝુર્ગી અને તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી.''

તઅવ્વુઝ (શરણમાં આવવું) :

اَعُوْذُ بِاللهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ .

અઊઝુ બિલ્લાહિ મિનશ્-શયતાનિર્રજીમ.

અર્થાત્, ''ખુદાની પનાહ માગું છું, શેતાન મરદૂદની દખલગીરીથી અને શરારતથી.''

તસ્મિયા (અલ્લાહના નામથી આરંભ કરવું) :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

બિસ્મિલ્લાહિર્-રહમાનિર્રહીમ.

અને ''શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.''

હમ્દ (પ્રશંસા) :

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَۙ ①

અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.

''પ્રશંસા અલ્લાહ માટે જ છે જે સમગ્ર સૃષ્ટિનો રબ છે.''

الرَّحْمٰنِ الرَّحِیْمِۙ ②

અર્-રહમાનિર્-રહીમ.

''અત્યંત કૃપાળુ અને દયાળુ છે.''

مٰلِكِ یَوْمِ الدِّیْنِؕ ③

માલિકિ યવમિદ્દીન.

''બદલા (ન્યાય)ના દિવસનો માલિક છે.''

اِیَّاكَ نَعْبُدُ وَ اِیَّاكَ نَسْتَعِیْنُؕ ④

ઈય્યા-ક નઅ્બુદુ વ ઈય્યા-ક નસ્તઈન.

''અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માગીએ છીએ.''

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِیْمَۙ ⑤

ઈહ્દિનસ્-સિરાતલ્ મુસ્તકીમ.

''અમને સીધો માર્ગ બતાવ.''

صِرَاطَ الَّذِیْنَ اَنْعَمْتَ عَلَیْهِمْ ۙ۬

સિરાતલ્લઝીન અન્અમ્ત અલયહિમ.

''એ લોકોનો માર્ગ, જેમના ઉપર તેં કૃપા કરી.''

غَیْرِ الْمَغْضُوْبِ عَلَیْهِمْ وَ لَا الضَّآلِّیْنَ۠ ⑦

ગયરિલ્ મગ્દૂબિ અલયૂહિમ વલદ્દ-દાલ્લીન.

જે પ્રકોપના ભોગ ન બન્યા, જે પથભ્રષ્ટ નથી.

آمین

આમીન.

"હે અલ્લાહ ! એવું જ કર. માલિક ! અમારી આ દુઆ કબૂલ કર." (સૂરઃ ફાતિહા)

એ પછી તમે કુર્આનની થોડીક આયતો પઢો છો, જેમાંથી દરેકમાં મધુર રસ ભરેલો છે, જેમાં શિખામણ છે, બોધ અને તે સન્માર્ગ તરફ દોરવણી છે, જેના માટે તમે સૂરઃ ફાતિહામાં દુઆ કરી ચૂક્યા હતા. દાખલા તરીકે કુર્આનની વિવિધ સૂરઃઓ પ્રસ્તુત છે.

વલ્-અસ્ર :

وَالْعَصْرِ ۝ إِنَّ الْإِنْسَانَ لَفِي خُسْرٍ ۝

વલ્ અસ્રિ ઈન્નલ ઈન્સાન લફી ખુસ્ર.

"કાળના સોગંદ ! માનવી હકીકતમાં ખોટમાં છે."

إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ

ઈલ્લલ્લઝીન આમનૂ વ અમિલુસ્સાલિહાતિ,

"સિવાય એ લોકોના જેઓ ઈમાન લાવ્યા અને સત્કાર્યો કરતા રહ્યા,"

وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝

વ તવાસવ બિલ્-હક્કિ વ તવાસવ બિસ્-સબ્ર.

"અને એકબીજાને સત્યની શિખામણ અને ધીરજની શિખામણ આપતા રહ્યા."

આનાથી એ બોધ મળે છે કે તબાહી અને નિરાશાથી ઈન્સાન માત્ર એ રીતે જ બચી શકે છે કે તે ઈમાન લઈ આવે અને સારા કામો, ઉપરાંત ઈમાનદારોની એક એવી જમાઅત પણ બનાવે, જે દીન પર કાયમ થવા અને કાયમ રહેવામાં એક-બીજાને મદદ કરતી રહે. અથવા દાખલા તરીકે –

અલ્-માઊન :

أَرَءَيْتَ الَّذِى يُكَذِّبُ بِالدِّيْنِ ۝

અ-ર-અઈ-તલ્લઝી યકુઝ્ઝિબુ બિદ્દીન.

''તમે જોઈ તે વ્યક્તિને, જે આખિરતના બદલા અને સજાને ખોટા ઠેરવે છે ?''

فَذٰلِكَ الَّذِى يَدُعُّ الْيَتِيْمَ ۝

ફઝાલિકલ્લઝી યદઅ્-ઉલ્ યતીમ.

''એ જ તો છે, જે અનાથને ધક્કા મારે છે.''

وَلَا يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ۝

વલા યહુદ્દુ અલા તઆમિલ્ મિસ્કીન.

''અને ગરીબોને ભોજન આપવા માટે ઉત્તેજન આપતી નથી.''

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ ۝ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ ۝

الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ ۝ وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ ۝

ફવઈલુલ્ લિલ્ મુસલ્લીનલ્લઝી-ન હુમ્ અન્ સલાતિહિમ્ સાહૂન,
અલ્લઝી-ન હુમ્ યુરાઊન વ યમ્નઊનલ્ માઊન.

''પછી વિનાશ છે એ નમાઝ પઢનારાઓ માટે, જેઓ પોતાની નમાઝ પ્રત્યે બેદરકારી સેવે છે, જેઓ દેખાડો કરે છે અને સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ (લોકોને) આપવાનું ટાળે છે.'' (સૂરઃ અલ-માઊન)

આથી એ બોધ મળે છે કે કયામતના દિવસ ઉપર વિશ્વાસ ઈસ્લામનો પ્રાણ છે. એના વગર માણસ ક્યારેય પણ એ માર્ગે ચાલી નથી શકતો જે ખુદાનો માર્ગ છે. અથવા –

હુ-મ-ઝહ :

وَيْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةٍ ۝

વઈલુલ્-લિકુલ્લિ હુમઝતિન્-લુમઝહ.

''વિનાશ છે એ દરેક વ્યક્તિ માટે, જે (મોઢામોઢ) લોકોને મહેણાં મારવા અને (પીઠ પાછળ) નિંદા કરવા ટેવાયેલી છે.''

الَّذِىْ جَمَعَ مَالًا وَّعَدَّدَهٗ ۝

અલ્લઝી જમઅ માલંવ્-વઅદ્દ-દદહ.

''જેણે ધન એકઠું કર્યું અને તેને ગણી-ગણીને રાખ્યું.''

يَحْسَبُ اَنَّ مَالَهٗٓ اَخْلَدَهٗ ۝

યહસબુ અન્ન માલહૂ અખ્લદહ.

''તે સમજે છે કે તેનું ધન હંમેશા તેના પાસે રહેશે.''

كَلَّا لَيُنْۢبَذَنَّ فِى الْحُطَمَةِ ۝

કલ્લા લયુમ્ બઝન્ન ફિલ્-હુતમહ.

''હરગિજ નહીં, તે વ્યક્તિ તો ભુક્કો ઉડાવી દેનારી જગ્યામાં ફેંકી દેવામાં આવશે.''

وَمَآ اَدْرٰىكَ مَا الْحُطَمَةُ ۝

વમા અદ્રાક મલ્-હુતમહ.

''અને તમે શું જાણો કે તે ભુક્કો ઉડાવી દેનારી જગ્યા શું છે ?''

نَارُ اللّٰهِ الْمُوْقَدَةُ ۝ الَّتِىْ تَطَّلِعُ عَلَى الْاَفْـِٕدَةِ ۝

નારુલ્લાહિલ્-મુઅ્કદતુલ્લતી તત્તલિઉ અલલ્ અફ્ઈદહ.

''અલ્લાહની આગ, ખૂબ ધગધગાવેલી, જે હૃદયો સુધી પહોંચશે.''

اِنَّهَا عَلَيْهِمْ مُّؤْصَدَةٌ ۝ فِىْ عَمَدٍ مُّمَدَّدَةٍ ۝

ઈન્નહા અલઈહિમ્ મઅ્સદતન્ ફી અમદિમ્-મુમદ્-દદહ.

''તે તેમના ઉપર ઢાંકીને બંધ કરી દેવામાં આવશે (આ સ્થિતિમાં કે તેઓ) ઊંચા-ઊંચા સ્તંભોમાં (ઘેરાયેલા હશે.)''

મતલબ કે તમે કુર્આન-પાકની જેટલી સૂરઃઓ અથવા આયતો નમાઝમાં પઢો છો, તે કોઈ-ને-કોઈ ઉચ્ચ કક્ષાની શિખામણ અને માર્ગદર્શન તમને આપે છે અને સાથો-સાથ તમને ખુદાના તે હુકમો દેખાડે છે, જે મુજબ દુનિયામાં તમારે અમલ કરવો જોઈએ.

રુકૂઅ :

આ આયતો પઢ્યા પછી તમે –

اَللّٰهُ اَكْبَرُ

અલ્લાહુ અકબર

''અલ્લાહ સૌથી મહાન છે.''

કહી રુકૂઅ કરો છો. ઘૂંટણો પર હાથ રાખીને માલિકના આગળ નમો છો અને વારંવાર કહો છો –

سُبْحَانَ رَبِّىَ الْعَظِيْمِ

સુબ્હાન રબ્બિયલ અઝીમ.

''પાક છે મારો પરવરદિગાર જે મોટો બુઝુર્ગ છે.''

એ પછી સીધા ઊભા થતાં કહો છો –

سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ

સમિઅલ્લાહુ-લિમન્ હમિદહ.

''અલ્લાહે એ વ્યક્તિની વાત સાંભળી લીધી, જેણે એની પ્રશંસા કરી.''

અને પછી સીધા ઊભા થઈ જઈને કહો છો –

رَبَّنَا لَكَ الْحَمْدُ

રબ્બના લકલ્ હમ્દ.

''હે અમારા રબ ! તારા જ માટે પ્રશંસા છે.''

સિજદા :

પછી અલ્લાહુ અકબર કહીને સિજદામાં પડી જાવ છો અને વારંવાર કહો છો –

سُبۡحٰنَ رَبِّیَ الۡاَعۡلٰی

સુબ્હાન રબ્બિયલ આઅ્લા.

"પાક છે મારો પરવરદિગાર, જે સૌથી મહાન અને ઉચ્ચ છે."

પછી 'અલ્લાહુ અકબર' કહીને માથું ઊંચકો છો અને અત્યંત અદબપૂર્વક બેસીને આ દુઆ પઢો છો –

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوٰتُ وَالطَّيِّبَاتُ

અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ.

"અમારી સલામો, અમારી નમાઝો અને બધી પવિત્ર વાતો અલ્લાહ માટે છે."

اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

અસ્સલામુ અલઈક અય્યુહન્-નબિય્યુ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ,

"સલામ આપના ઉપર હે નબી ! અલ્લાહની રહમતો અને બરકતો,"

اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ

અસ્સલામુ અલઈના વ અલા ઈબાદિલ્લાહિસ્-સાલિહીન.

"સલામતી હો અમારા ઉપર અને અલ્લાહના તમામ નેક બંદાઓ ઉપર."

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ

وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

અશ્હદુ અન્ લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહૂ."

''હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હું સાક્ષી આપું છું કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) અલ્લાહના બંદા અને રસૂલ છે.''

આ સાક્ષી આપતી વખતે તમે શહાદતની આંગળી ઉઠાવો છો, કારણ કે આ નમાઝમાં તમારા અકીદા (આસ્થા)ની જાહેરાત છે, તેથી જીભ વડે આ સાક્ષી અદા કરતી વેળા ખાસ રીતે લક્ષ દોરવાની અને ભાર આપવાની જરૂરત છે.

એ પછી તમે દુરૂદ પઢો છો –

દુરૂદ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَّعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَعَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ. اَللّٰهُمَّ بَارِكْ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَّعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَعَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિંવ્ વ-અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વ-અલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્-મજીદ. અલ્લાહુમ્મ બારિક્ અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિંવ્ વ-અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્ત અલા ઈબ્રાહીમ વ-અલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્-મજીદ.

''હે ખુદા ! રહમત ફરમાવ અમારા સરદાર અને મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને તેમના સંતાન પર, જેવી રીતે તેં ઈબ્રાહીમ અને ઈબ્રાહીમની સંતાન પર રહમત ફરમાવી ! ખરેખર તું ઉચ્ચતમ ગુણવાળો અને મહાન છે. હે ખુદા ! બરકત નાઝિલ કર, અમારા સરદાર અને મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને તેમના સંતાન પર, જેવી રીતે તેં ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ પર બરકત નાઝિલ કરી હતી. ખરેખર તું ઉચ્ચતમ ગુણવાળો અને મહાન છે.''

આ દુરૂદ પઢ્યા પછી તમે અલ્લાહ પાસે દુઆ માગો છો કે –

દુઆ :

اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنْ عَذَابِ جَهَنَّمَ وَاَعُوْذُبِكَ مِنْ عَذَابِ الْقَبْرِ
وَاَعُوْذُبِكَ مِنْ فِتْنَةِ الْمَسِيْحِ الدَّجَالِ وَاَعُوْذُ بِكَ مِنْ فِتْنَةِ الْمَحْيَا
وَالْمَمَاتِ وَاَعُوْذُ بِكَ مِنَ الْمَأْثَمِ وَالْمَغْرَمِ O

અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુબિક મિન્ અઝાબિ જહન્નમ વ અઊઝુબિક મિન્ અઝાબિલ્-કબ્રિ વ અઊઝુબિક મિન્ ફિત્નતિલ્ મસીહિદ્ દજ્જાલિ વ અઊઝુબિક મિન્ ફિત્નતિલ્ મહ્યા વલ્ મમાતિ વ અઊઝુ બિક મિનલ્ માસમિ વલ્ મગ્રમ.

"હે અલ્લાહ! પનાહ માગું છું જહન્નમના અઝાબથી અને તારી પનાહ માગું છું કબરના અઝાબથી અને તારી પનાહ માગું છું ગેરમાર્ગે દોરી જનારા દજ્જાલના ફિત્નાથી, જે જમીન પર ફેલાઈ જશે અને તારી પનાહ માગું છું જીવન-મરણના ફિત્નાથી. હે અલ્લાહ ! હું તારી પનાહ માગું છું બૂરા અમલોની જવાબદારી અને કરઝદારીથી."

સલામ :

આ દુઆ પઢ્યા પછી તમારી નમાઝ પૂરી થઈ ગઈ. હવે માલિકના દરબારથી પાછા ફરીને તમે સૌ પ્રથમ શું કરો છો ? એ કે જમણે-ડાબે વળીને તમામ હાજર રહેલાઓ અને દુનિયાની દરેક વસ્તુ માટે સલામતીની દુઆ માગો છો –

اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللهِ

અસ્સલામુ અલઈકુમ વ રહમતુલ્લાહ.

"તમારા ઉપર શાંતિ અને સલામતી થાય અને અલ્લાહની કૃપા."

જાણે આ તે ખુશખબરીનો પૈગામ છે, જે તમે ખુદાના દરબારમાંથી પાછા ફરતી વખતે દુનિયા માટે લાવ્યા છો.

આ છે એ નમાઝ, જે તમે સવારે ઊઠીને દુનિયાના કામકાજ શરૂ કરતાં પહેલાં પઢો છો. પછી થોડાક કલાકો કામકાંજમાં ગાળીને બપોરે ફરીથી ખુદાના દરબારમાં હાજર થઈને એ જ નમાઝ અદા કરો છો. ફરી થોડા કલાકો રહીને સાંજ ઢળતાં આ જ નમાઝ પઢો છો. એ પછી થોડો સમય કામકાજમાં રચ્યા-પચ્યા રહીને સૂર્યાસ્ત પછી એ

નમાઝનું પુનરાવર્તન કરો છો. એ પછી દુનિયાના કામોથી ફારેગ થઈને સૂતાં પહેલાં છેલ્લી વાર માલિકની સામે હાજર થાઓ છો. આ છેલ્લી નમાઝનો અંત 'વિત્ર' પર થાય છે, જેની ત્રીજી રક્અતમાં તમે ખૂબ મોટું એકરારનામું તમારા માલિકની રૂબરૂ રજૂ કરો છો. એ એકરારનામું 'દુઆ-એ-કુનૂત' છે. 'કુનૂત'નો અર્થ ખુદાની આગળ પામરતા અને હીનપણ તેમજ તાબેદારી અને બંદગીનો એકરાર છે. આ એકરાર તમે કયા શબ્દોમાં કરો છો તે જરા ધ્યાનપૂર્વક સાંભળો –

દુઆ-એ-કુનૂત :

اَللّٰهُمَّ اِنَّا نَسْتَعِيْنُكَ وَنَسْتَهْدِيْكَ وَنَسْتَغْفِرُكَ وَنُؤْمِنُ بِكَ وَنَتَوَكَّلُ عَلَيْكَ وَنُثْنِيْ عَلَيْكَ الْخَيْرَ كُلَّهٗ.

અલ્લાહુમ્મ ઇન્ના નસ્તઈનુક વ નસ્તગ્ફિરૂક વ નુઅ્મિનુ બિક વ નતવક્કલુ અલઈક વ નુસ્ની અલઈકલ ખૈર કુલ્લહૂ.

''હે ખુદા ! અમે તારા પાસે મદદ માગીએ છીએ અને તારાથી ગુનાઓની માફી માગીએ છીએ અને તારા ઉપર ઈમાન લાવીએ છીએ અને તારા જ ઉપર ભરોસો કરીએ છીએ અને તારી સર્વોત્તમ પ્રશંસા કરીએ છીએ.''

نَشْكُرُكَ وَلَا نَكْفُرُكَ وَنَخْلَعُ وَنَتْرُكُ مَنْ يَّفْجُرُكَ.

વ નશ્કુરૂક વ-લા નક્ફુરૂક વ નખ્લઉ વ નત્રુકુ મંઈયફ્-ફજુરુક.

'' અને તારી નાશુક્રી નથી કરતા અને અમે એકરાર કરીએ છીએ કે જે લોકો તારા ફરમાનને માનતા નથી, એમના સાથે સંબંધ તોડી નાખીશું અને તેમના સાથે કંઈ સંબંધ નહીં રાખીએ.''

اَللّٰهُمَّ اِيَّاكَ نَعْبُدُ وَلَكَ نُصَلِّيْ وَنَسْجُدُ وَاِلَيْكَ نَسْعٰى وَ نَحْفِدُ.

અલ્લાહુમ્મ ઇય્યા-ક નઅ્બુદુ વ લ-ક નુસલ્લી વ નસ્જુદુ વ ઈલય્ક નસ્આ વ નહ્ફિદુ,

''હે ખુદા ! અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારા જ માટે નમાઝ અને સિજદાઓ કરીએ છીએ અને અમારા તમામ પ્રયાસો અને બધી કામગીરી તારી પ્રસન્નતા માટે છે,''

وَنَرْجُوْ رَحْمَتَکَ وَ نَخْشٰی عَذَابَکَ اَنَّ عَذَابَکَ بِالْکُفَّارِ مُلْحِقٌ.

વ નર્જૂ રહ્મતક વ નખ્શા અઝાબક ઈન્ન અઝાબક બિલ્ કુફ્ફારિ મુલ્હિક્.

''અને અમે તારી જ રહમતના ઉમેદવાર છીએ અને તારા જ અઝાબ (પ્રકોપ)થી ડરીએ છીએ. ખરેખર તારો અઝાબ એવા લોકો પર પડશે, જેઓ કાફિર છે.''

નમાઝ અને ચરિત્ર-નિર્માણ :

ભાઈઓ ! વિચાર કરો, જે વ્યક્તિ દિવસમાં પાંચ વખત અઝાનના આ અવાજને સાંભળતી હોય અને સમજતી હોય કે કેટલી મોટી વસ્તુની સાક્ષી આપવામાં આવી રહી છે અને કેવા જબરજસ્ત બાદશાહના દરબારમાં બોલાવવામાં આવે છે અને જે વ્યક્તિ દરેક વખતે આ પોકારને સાંભળીને પોતાનું કામકાજ છોડી દઈને એ પવિત્ર હસ્તી તરફ દોડી જાય, જેને તે પોતાની અને તમામ વિશ્વની માલિક સમજે છે; જે વ્યક્તિ કેટ-કેટલીવાર નમાઝમાં તે સર્વ વાતોને સમજી-વિચારીને અદા કરે, જેનો ઉપર ઉલ્લેખ થયો છે તો એ કેવી રીતે શક્ય છે કે આવી વ્યક્તિના હૃદયમાં ખુદાનો ડર ન જન્મે ? તેને ખુદાના હુકમનું ઉલ્લંઘન કરતી વખતે શરમ ન આવે ? અને તેનો આત્મા ગુનાઓ-દૂષણોના કાળા ડાઘાઓ લઈને વારંવાર ખુદાની સામે હાજર થતી વખતે ધ્રૂજી ન ઊઠે ? કેવી રીતે શક્ય છે કે એક વ્યક્તિ નમાઝમાં ખુદાની બંદગીનો, તાબેદારીનો અને એના 'માલિકિ યવમિદ્દીન' હોવાનો એકરાર કરે, પરંતુ જ્યારે દુન્યવી કામકાજ તરફ પાછો ફરે ત્યારે જૂઠું બોલે, બેઈમાની કરે, લોકોના હક્કો પર તરાપ મારે, લાંચ લે અને આપે, વ્યાજ ખાય અને ખવડાવે, ખુદાના બંદાઓને કષ્ટ આપે, નિર્લજ્જતા, નગ્નતા અને નીચતાભર્યું વર્તન દાખવે અને વળી આ સર્વ દુષ્કૃત્યોનો ભાર ઉઠાવીને ફરી એકવાર ખુદાના સામે હાજર થાય અને ફરી એ જ સર્વ વાતોનો ઈન્કાર કરવાની હિંમત કરી શકે ? હા ! એ પછી કઈ રીતે શક્ય છે કે તમે ખુદા પાસે છત્રીસ વખત એકરાર કરો કે અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારાથી જ મદદ માગીએ છીએ અને પછી ખુદા સિવાય બીજાઓની બંદગી કરો અને બીજાઓ આગળ મદદ માટે હાથ લંબાવો. એક વખત તમે એકરાર કરીને તોડશો, તો બીજી વખત ખુદાના દરબારમાં જતી વેળા તમારો અંતરાત્મા ફિટાકર વરસાવશે. આખું જીવન એવું કેવી રીતે થઈ શકે છે કે દરરોજ પાંચ વખતની નમાઝ પઢો અને છતાંય તમારા આચરણમાં સુધારો ન આવે, તમારા ચારિત્ર્યની સુધારણા ન થાય અને તમારા જીવનની કાયાપલટ ન થાય ? એ કારણે જ અલ્લાહે નમાઝની આ ખૂબીને વર્ણવી છે કે –

اِنَّ الصَّلٰوۃَ تَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْکَرِ ؕ

અર્થાત્, ''નિઃશંક નમાઝ નિર્લજ્જતા અને બૂરા કામોથી રોકે છે.''

(સૂરઃ અન્-કબૂત, આ. ૪૫)

હવે જે વ્યક્તિની આટલી જબરજસ્ત સુધારણા કરવાવાળી વસ્તુથી પણ સુધારણા ન થઈ શકે, તો એ તેની પ્રકૃતિની ખરાબી છે, નહીં કે નમાઝની. પાણી અને સાબુનો ગુણ મેલને સાફ કરવાનો છે, પણ કોલસાની કાળાશ, જો એનાથી દૂર ન થાય તો એ પાણી અને સાબુનો વાંક નથી, કોલસાંની પોતાની જ કાળાશ એનું કારણ છે.

ભાઈઓ ! તમારી નમાઝોમાં એક મોટી વસ્તુની ખોટ છે અને તે એ કે તમે નમાઝમાં જે કંઈ પઢો છો, તેને સમજતા નથી. જો તમે થોડોક સમય પણ કાઢી શકો, તો ઉર્દૂમાં અથવા તમારી પોતાની માતૃભાષામાં સર્વ દુઆઓના અર્થ જાણી શકશો, જે તમે નમાઝમાં પઢો છો. તેનાથી ફાયદો એ થશે કે તમે જે કંઈ પણ નમાઝમાં પઢશો, તે સમજતા પણ જશો.

—•—

પ્રકરણ – ૪

નમાઝ, જમાઅત સાથે

ભાઈઓ ! પાછલા પૃષ્ઠોમાં મેં આપને ફક્ત નમાઝના ફાયદાઓ જણાવ્યા હતા. એથી તમે જાણી શક્યા હશો કે આ ઈબાદત સ્વયં કેવી જબરજસ્ત વસ્તુ છે, ઈન્સાનમાં તે બંદગીનો કમાલ કેવી રીતે પેદા કરે છે અને તેને કેવી રીતે બંદગીના હક્ક અદા કરવાને લાયક બનાવે છે. હવે તમને જમાઅત સાથે નમાઝ પઢવાના ફાયદાઓ બતાવવા માગું છું, જેથી તમને એ ખ્યાલ આવશે કે અલ્લાહત્આલાએ પોતાની કૃપા અને અહેસાનથી કેવી રીતે એક જ વસ્તુમાં આપણા માટે બધી નેઅ્મતો સમાવી દીધી છે. પ્રથમ જોવામાં આવે તો નમાઝ સ્વયં કંઈ ઓછી અસરકારક ન હતી કે જેના સાથે જમાઅતનો હુકમ આપીને એના ફાયદાઓને બેવડા કરી દેવામાં આવ્યા છે અને એના અંદર એવી શક્તિ સીંચવામાં આવી છે, જે ઈન્સાનની અદ્ભૂત રીતે કાયાપલટ કરી નાખે છે.

નમાઝ કઈ ખૂબીઓને પેદા કરે છે ?

હું તમને જણાવી ચૂક્યો છું કે જીવનમાં દરેક પળે પોતાને ખુદાનો બંદો સમજવો અને આજ્ઞાંકિત ગુલામની જેમ માલિકની મરજીને આધીન રહીને માલિકની સેવા માટે દરેક પળે તૈયાર રહેવું, એ જ અસલી ઈબાદત છે અને નમાઝ આ જ ઈબાદત માટે ઈન્સાનને તૈયાર કરે છે. એ પણ તમને જણાવી ચૂક્યો છું કે ઈબાદત માટે ઈન્સાનમાં જેટલા ગુણો હોવા જોઈએ, તે સર્વ નમાઝ પેદા કરે છે. બંદગીની ભાવના, ખુદા અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને તેની કિતાબ પર ઈમાન, આખિરતનો વિશ્વાસ, ખુદાનો ડર, ખુદાને અદશ્ય વસ્તુઓનો જાણનાર અને દરેક પળે પોતાના પાસે હોવાની આસ્થા, ખુદાઈ અર્થોમાં તેને ખુદાનો બંદો બનાવવા માટે જરૂરી છે.

સંપૂર્ણ બંદગી એકલાં સુભવ નથી :

પણ જો તમે ધ્યાનપૂર્વક જોશો તો તમને જણાશે કે ઈન્સાન પોતાની જગ્યાએ ગમે તેટલો સંપૂર્ણ કેમ ન હોય, તે ખુદાની બંદગીનો પૂરેપૂરો હક્ક ત્યાં સુધી અદા કરી શકતો નથી, જ્યાં સુધી બીજા બંદાઓ પણ એના સહાયક ન બને. ખુદાના હુકમોને ઈન્સાન

ત્યાં સુધી બજાવી શકતો નથી, જ્યાં સુધી એના અન્ય સાથીદાર બંદાઓ, જેમના સાથે રહીને પોતાની આખી જિંદગી ગુજારે છે તે લોકો આ આજ્ઞાપાલનમાં તેને સહાયતા ન કરે. માણસ દુનિયામાં કંઈ એકલો જન્મ્યો નથી તેમજ એકલો રહીને જ કોઈ કાર્ય કરી શકતો નથી. તેનું સમગ્ર જીવન પોતાના ભાઈ-બંધુઓ, મિત્રો, પાડોશીઓ, સગા-વ્હાલા અને બીજા અસંખ્ય સાથીદારોના અનેકવિધ સંબંધોમાં જકડાયેલું છે. અલ્લાહના હુકમો કંઈ એક જ માણસ માટે નથી. ખરી રીતે અલ્લાહના હુકમો પણ આ સંબંધોને ઠીક કરવા માટે જ છે. હવે જો આ બધા ખુદાના હુકમોનું પાલન કરવામાં એક-બીજાને સાથ-સહકાર આપે અને એક-બીજાને મદદ કરે, તો બધા આજ્ઞાંકિત બંદાઓ બની શકે છે. હા, એ બધાય જો નાફરમાન થઈ જાય અથવા એમના સંબંધો એવા હોય કે ખુદાના હુકમોને બજાવી લાવવામાં પરસ્પર સહાયભૂત ન થતાં હોય, તો એકલવાયી વ્યક્તિ માટે શક્ય જ નથી કે જીવનમાં ખુદાના કાનૂન ઉપર પૂરેપૂરી રીતે અમલ કરી શકે.

એકલાં શેતાનનો મુકાબલો શક્ય નથી :

સાચે જ, કુર્આન જો તમે ધ્યાનપૂર્વક વાંચશો, તો તમને જણાશે કે ખુદાનો હુકમ ફક્ત આટલો જ નથી કે તમે પોતે અલ્લાહના આજ્ઞાંકિત બંદા બનો, બલ્કે તેનો હુકમ તો સમસ્ત દુનિયાને ખુદાના આજ્ઞાંકિત બનાવવાનો અને દુનિયામાં ખુદાના કાનૂનનો ફેલાવો કરવાનો તેમજ શેતાનનો કાનૂન જ્યાં-જ્યાં પ્રચલિત હોય, ત્યાં-ત્યાં તેનું નામો-નિશાન ભૂંસી નાખીને તેની જગ્યાએ અલ્લાહ વહ્દહૂ લાશરીકના કાનૂનની હકૂમત સ્થાપવાનો છે. આ જબરજસ્ત સેવા જે અલ્લાહે તમને સોંપી છે, તેને એકલવાયો મુસલમાન પૂર્ણ કરી શકતો નથી. જો કરોડો મુસલમાનો અલગ-અલગ રહીને પ્રયાસો કરે, તો પણ શેતાનના બંદાઓના વિશાળ જથ્થાને નીચું દેખાડી શકતા નથી. આ માટે પણ જરૂરત છે કે મુસલમાનો એક-બીજાની સહાયતા કરે, એક-બીજાની ઢાલ સમાન બની જાય અને બધા સાથે મળીને એક જ હેતુ માટે પ્રયત્ન કરે.

હુકમનું અનુસરણ અપેક્ષિત છે :

વળી જરા બારીકાઈથી જોશો, તો તમને એ સ્પષ્ટ રીતે જણાશે કે આવા મહાન હેતુ માટે મુસલમાનોનું ફક્ત સંગઠન બસ નથી. સાથે એ પણ જરૂરી છે કે એ સંગઠન સાચી રીતનું હોય, એટલે કે સંબંધમાં કોઈ ખરાબી રહેવા ન પામે. તેમનામાં સંપૂર્ણ રીતે એકતા હોય. તેઓ એક નેતાને અનુસરે, તેની આજ્ઞા મુજબ ડગ ભરવાને ટેવાય અને તેમને એ જ્ઞાન પણ હોય કે પોતાના નેતાનું અનુસરણ તેમણે કેવી રીતે અને કેટલી હદે કરવું જોઈએ અને અનુસરણની મર્યાદા ક્યાં પૂરી થાય છે.

નમાઝ બા-જમાઅતના ફાયદા :

આ સર્વ જરૂરિયાતોને ધ્યાનમાં રાંખીને, એ જુઓ કે નમાઝ જમાઅત સાથે

પઢવાથી કેવી રીતે આ બધી જરૂરિયાતો પૂરી થાય છે.

એક અવાજ ઉપર એકઠા થવું :

અઝાનનો અવાજ સાંભળીને કાર્યોને પડતાં મૂકી મસ્જિદમાં પહોંચી જવાનો હુકમ છે. આ પોકાર સાંભળીને મુસલમાનોનું ચારે દિશાથી એવા એક જ કેન્દ્ર પર એકઠા થઈ જવું, એ તેમનામાં એ જ કેફિયત જન્માવે છે, જે સૈન્યની હોય છે. સૈનિકો બ્યૂગલનો અવાજ સાંભળતાં જ સમજી જાય છે કે અમારો કમાન્ડર બોલાવે છે. આ બ્યૂગલ સાંભળીને બધાના મનમાં કમાન્ડરના હુકમનું પાલન કરવાની ભાવના જાગે છે. આજ્ઞાપાલનની આ ભાવનાથી પ્રેરાઈને બધા એક જ કામ કરે છે, અને તે એ કે પોત-પોતાની જગ્યાએથી દોડી જઈને તરત જ એક જ જગ્યાએ આવીને ઊભા રહી જાય છે. ફોજમાં આ રીતને શા માટે અપનાવવામાં આવી છે ? એ માટે કે સૌપ્રથમ દરેક સૈનિકને વ્યક્તિગત રીતે હુકમ માનવાની અને તે મુજબ ચુસ્તીપૂર્વક પાલન કરવાની ટેવ પડે અને સાથે જ આવા તમામ આજ્ઞાંકિત સૈનિકો એકઠા થઈને એક જથ્થો, એક સમૂહ અને એક ટીમ બની જાય. તેમનામાં એવી ટેવ જન્મવા પામે કે કમાન્ડરના હુકમ પર એક જ સમયે એક જ જગ્યાએ બધા આવીને એકઠા થઈ જાય, જેથી કોઈ કટોકટી આવી પડે ત્યારે આખી ફોજ એકી અવાજે, એક જ હેતુ માટે સંગઠિત થઈને કામ કરી શકે. એવું ન થાય કે બધા સૈનિકો વ્યક્તિગત રૂપે તો બહાદુર લડવૈયા હોય, પણ જ્યારે કામની ઘડી આવી પહોંચે અને તેમને પોકારવામાં આવે, તો એકઠા થઈને લડી ન શકે અને દરેક પોત-પોતાની ઇચ્છા મુજબ જયાં મરજી પડે ત્યાં ચાલ્યા જાય.

આવી હાલત જો કોઈ સૈન્યની હોય, તો તે હજારો વીર સૈનિકોને દુશ્મનના પચાસ સૈનિકોની એક વ્યવસ્થિત ટુકડી વીણી-વીણીને ખતમ કરી શકે છે. બસ, આ જ આદર્શ પર મુસલમાનો માટે પણ એવો કાયદો મુકર્રર કરવામાં આવ્યો છે કે તેઓ જ્યાં અઝાનનો અવાજ સાંભળે કે તરત જ બધા કામોને પડતા મૂકીને પાસેની મસ્જિદ તરફ દોડી જાય, જેથી મુસલમાનો મળીને અલ્લાહની ફોજ બની જાય.

એકઠા થવાની આ કવાયત તમને દરરોજ પાંચ વખત કરાવવામાં આવે છે, કારણ કે દુનિયાની બધી ફોજોથી વધુ સખત ડ્યૂટી આ ખુદાઈ ફોજની છે. બીજી ફોજો માટે તો વર્ષો પછી કોઈક વાર એકાદ મોરચો માંડવાની તક આવે છે. આવી ભાગ્યે જ આવનારી તકને ખાતર આ બધી ફોજી તૈયારીઓ કરવામાં આવે છે. પરંતુ આ ખુદાઈ ફોજને તો દરેક પળે શેતાની વ્યક્તિઓ સામે ઝઝૂમવાનું છે અને દરેક પળે પોતાના કમાન્ડરના હુકમોનું પાલન કરવાનું છે. આ કારણે તેના સાથે એ પણ મોટી છૂટછાટ મૂકવામાં આવી છે કે તેને દરરોજ ફક્ત પાંચ જ વખત ખુદાઈ બ્યૂગલનો અવાજ સાંભળીને દોડી જવા અને ખુદાઈ છાવણી, અર્થાત્ મસ્જિદમાં ભેગા થવાનો હુકમ અપાયો છે.

અર્થસભર ઇજ્તિમાઅ :

આ તો થઈ ફક્ત અઝાનના ફાયદાની વાત. હવે તમે મસ્જિદમાં ભેગા થાવ છો અને ફક્ત એવી રીતે ભેગા થવામાં જ અનેક ફાયદાઓ છે. અહીં ભેગા થવાથી એક-બીજાને તમે જોયા-ઓળખ્યા અને એક-બીજાના પરિચયમાં આવ્યા. આ જોવું, ઓળખવું અને પરિચયમાં આવવું કઈ હેસિયતે છે ? એ હેસિયતે કે તમે બધા ખુદાના બંદાઓ છો, એક રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અનુયાયીઓ અને એક જ કિતાબને માનનારા છો, બધાના જીવનનો હેતુ એક છે, આ જ એક હેતુને પૂરો કરવા તમે બધા અહીં ભેગા થયા છો અને પાછા ફરીને પણ આ જ એક હેતુને તમારે પૂરો કરવાનો છે. આ પ્રકારનો પરિચય અને ઓળખ સ્વયંભૂ રીતે તમારામાં એવો વિચાર જન્માવે છે કે તમે બધા એક જમાઅત છો, એક જ ફોજના સિપાહી છો, એક-બીજાના ભાઈ છો, દુનિયામાં તમારા આદર્શો, ઉદ્દેશો અને હેતુઓ, તમારા લાભ અને નુકસાન સંયુક્ત છે, તમારા જીવન એક-બીજા જોડે સંકળાયેલા છે.

પરસ્પર હમદર્દી :

વળી જ્યારે અહીં તમે એક-બીજાને જોશો તો ઉઘાડી આંખે જ જોશો અને આ જોવું કંઈ એક દુશ્મન બીજા દુશ્મનને જે નજરે જુએ છે, તે નજરે નહીં, પણ એક મિત્ર બીજા મિત્રને, એક ભાઈ બીજા ભાઈને જે નજરે જુએ છે, તે જ નજરથી જોવું હશે. આ નજરે જ્યારે તમે જોશો કે તમારો કોઈ ભાઈ ફાટેલાં કપડાં પહેરીને આવ્યો છે, કોઈનો ચહેરો ઉદાસ છે, કોઈના ચહેરા પર ભૂખની રેખાઓ તરવરી રહી છે, કોઈ અશક્ત, લૂલો-લંગડો કે આંધળો છે, તો સ્વાભાવિક રીતે તમારા દિલમાં હમદર્દી જાગશે. તમારામાંથી જેઓ ખુશહાલ હશે, તેઓ ગરીબો ઉપર દયા કરશે અને જેઓ દુર્દશામાં હશે, તેઓ અમીરો સુધી પહોંચીને પોતાના દુઃખ-દર્દોથી તેમને વાકેફ કરવાની હિંમત પ્રાપ્ત કરશે. કોઈના વિષે એવું માલૂમ પડશે કે તે બીમાર છે અથવા કોઈ મુસીબતમાં ફસાઈ ગયો છે, તેથી મસ્જિદમાં આવી શક્યો નથી તો તમારા દિલમાં એની તબિયત પૂછવા જવાનો વિચાર આવશે. કોઈના મૃત્યુની ખબર સાંભળીને તમે તેના જનાઝાની નમાઝ પઢશો અને તેના દુઃખી સગા-સંબંધીઓના દુઃખમાં ભાગ લઈ શકશો. આ બધી વસ્તુઓ તમારી પરસ્પરની મહોબ્બતને વધારનારી અને એક-બીજાના સહાયક બનાવનારી છે.

પવિત્ર હેતુ માટે એકઠું થવું :

અહીંથી આગળ વધીને જરા વિચાર કરો. અહીં તમે પાક જગ્યા ઉપર પાક હેતુ માટે ભેગા થયા છો. આ કંઈ ચોરો, શરાબીઓ કે જુગારીઓનું મિલન નથી કે બધાના મનમાં નાપાક ઇરાદાઓ ભરેલા હોય.

આ તો અલ્લાહના બંદાઓનું, અલ્લાહની ઇબાદત માટેનું સંમેલન છે અને તે પણ અલ્લાહના ઘરમાં જ ખુદા સમક્ષ બંદગીનો એકરાર કરવા બધા હાજર થયા છે.

આવા પ્રસંગે ઈમાનદાર માણસમાં સ્વયંભૂ રીતે પોતાના ગુનાઓ માટે પસ્તાવાની ભાવના જાગશે. વળી જો એણે કોઈ ગુનો પોતાના બીજા ભાઈની સમક્ષ કર્યો હશે અને તે ભાઈ પણ મસ્જિદમાં હાજર હશે, તો તેના સાથે આંખો મળતાં જ એ ગુના બદલ તે પોતાના દિલમાં કપાઈ જશે અને જો મુસલમાનોમાં એક-બીજાને નસીહત કરવાનો ઉત્સાહ પણ હોય અને હમદર્દી તેમજ સ્નેહપૂર્વક એક-બીજાની સુધારણા કરવાનું તેઓ જાણતા હોય, તો નિઃશંક આ સંમેલન બરકત અને રહમતથી ભરપૂર તેમજ અતિશય લાભદાયી નીવડશે. આ રીતે ભેગા મળીને મુસલમાનો એક-બીજાની ખરાબીઓને દૂર કરશે. એક-બીજાની કમીઓને પૂરી કરશે અને આખી કોમ નેક અને સદાચારી લોકોની જમાઅત બની જશે.

ભાઈચારો :

આ તો માત્ર મસ્જિદમાં એકઠા થવાની બરકતો છે. હવે જુઓ કે જમાઅત સાથે નમાઝ પઢવામાં કેવી બરકતો સમાયેલી છે. તમે બધા એક જ કતારમાં, એકબીજાની અડોઅડ ઊભા રહો છો. ન કોઈ મોટો હોય છે, ન કોઈ નાનો. ખુદાના દરબારમાં ખુદા સમક્ષ બધા એક જ દરજ્જામાં છે. કોઈનો દરજ્જો ઊંચો કે નીચો નથી. કોઈના હાથ લાગી જવાથી કે કોઈના સ્પર્શથી કોઈ નાપાક નથી થઈ જતું. બધા જ પાક છે, એટલા માટે કે બધા જ ઈન્સાન છે. એક જ ખુદાના બંદા અને એક જ દીનને માનનારા છે. કુટુંબ, વંશ, દેશ અને ભાષાઓનો તફાવત અહીં જણાતો નથી. કોઈ સૈયદ છે, તો કોઈ પઠાણ, કોઈ રાજપૂત છે, તો કોઈ જાટ, કોઈ એક દેશનો રહેવાસી છે, તો કોઈ બીજા દેશનો. ભાષાઓ પણ જુદી છે, છતાં એક જ કતારમાં ઊભા રહીને ઇબાદત કરી રહ્યા છે. આનો અર્થ એ થયો કે આ બધા એક કોમ છે. સૌથી મોટો સંબંધ તેમના વચ્ચે ખુદાની બંદગી અને ઈબાદતનો સંબંધ છે. આમાં જો તેઓ બધા એક છે, તો પછી અન્ય કોઈ પણ મામલામાં શા માટે અલગ રહેવા પામે ? વર્ગો અને વર્ણ અને જાતિના આ બધા ભેદભાવો જૂઠા અને નિરાધાર છે.

ક્રિયાઓમાં સમાનતા :

ખભેખભા મિલાવીને એક જ કતારમાં જ્યારે તમે ઊભા રહો છો, તો એવું જણાય છે કે એક ફોજ પોતાના બાદશાહ સમક્ષ સેવા માટે ઊભી છે. કતાર બાંધીને ઊભા રહેવા અને ભેગા મળીને એકી સાથે ક્રિયા કરવાથી તમારા દિલોમાં એકતા અને સમાનતા પેદા થાય છે.

અહીં તમને એવી ટેવ પાડવામાં આવે છે કે ખુદાની બંદગી માટે એવી રીતે એકત્ર થઈ જાઓ કે બધાના હાથ એકી સાથે અને બધાના પગ એકી સાથે ઊપડે. જાણે તમે દસ-વીસ અથવા હજાર-પાંચસો માણસો નથી, બલ્કે સૌ મળીને એક માણસની જેમ બની ગયાં છો.

દુઆઓ :

આ જમાઅત અને હારબંધી પછી તમે શું કરો છો ? એક અવાજે માલિકથી વિનંતી કરો છો કે –

إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ ۝

ઈય્યા-ક નઅ્બુદુ વ ઈય્યા-ક નસ્તઈન.

''અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માગીએ છીએ.''

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيمَ ۝

ઈહ્દિનસ્-સિરાતલ્ મુસ્તકીમ.

''અમને સીધો માર્ગ બતાવ.''

رَبَّنَا لَكَ الْحَمْدُ

રબ્બના લકલ્ હમ્દ.

''હે અમારા રબ ! તારા જ માટે પ્રશંસા છે.''

اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ

અસ્સલામુ અલઈના વ અલા ઈબાદિલ્લાહિસ્-સાલિહીન.

''સલામતી હો અમારા ઉપર અને અલ્લાહના તમામ નેક બંદાઓ ઉપર.''

પછી નમાઝ પૂરી કરીને તમે એક-બીજા માટે સલામતી અને રહમતની દુઆ માગો છો –

اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ

અસ્સલામુ અલઈકુમ વ રહમતુલ્લાહ.

''તમારા ઉપર શાંતિ અને સલામતી થાય અને અલ્લાહની કૃપા.''

આનો અર્થ એ થયો કે તમે બધા એક-બીજાના હિતેચ્છુ છો. બધા મળીને એક જ માલિક પાસે બધાની ભલાઈની દુઆ કરો છો. તમે એકલવાયા નથી. તમારામાંથી કોઈ વ્યક્તિગત રીતે બધું જ પોતાના માટે નથી માગતું, પણ દરેકની આ જ દુઆ હોય છે કે બધા ઉપર ખુદાનો ફઝલ હો. બધાને એક જ માર્ગે ચાલવાની સદ્‌બુદ્ધિ મળે અને ખુદાની સલામતીમાં બધા જ સામેલ થાય. આવી રીતે આ નમાઝ તમારા દિલોને એક-બીજાથી જોડે છે. તમારા વિચારોમાં સામ્યતા પેદા કરે છે અને તમારામાં ભલાઈનો સંબંધ પેદા કરે છે.

ઈમામ વિના જમાઅત નહીં :

વળી જુઓ કે જમાઅતની નમાઝ તમે ક્યારેય પણ ઈમામ વગર નથી પઢતા. બે માણસ પણ સાથે મળીને પઢશે તો એક ઈમામ બનશે, બીજો મુક્તદી.• જમાઅત ઊભી થઈ જાય, તો એનાથી અલગ રહીને નમાઝ પઢવાની સખત મનાઈ છે. બલ્કે એવી નમાઝ થતી જ નથી. જે આવતો જાય, તેને માટે હુકમ છે કે તે એ જ ઈમામની પાછળ જમાઅતમાં સામેલ થતો જાય. આ બધી વસ્તુઓ ફક્ત નમાઝ માટે જ નથી, બલ્કે ખરી રીતે જોતાં તો તમને એમાં પાઠ આપવામાં આવ્યો છે કે મુસલમાનની હેસિયતથી જીવન વિતાવવું હોય, તો આવી જ રીતે જમાઅત બનીને રહો અને તમારી એ જમાઅત જમાઅત જ નથી, જ્યાં સુધી તેનો ઈમામ ન હોય. જમાઅત બની ગયા પછી એનાથી અલગ રહેવાનો અર્થ એ છે કે તમારૂં જીવન એ મુસલમાનોનું જીવન નથી રહ્યું.

ઈમામતનું સ્વરૂપ અને હકીકત :

વાત અહીં સુધી જ રહેવા પામતી નથી, બલ્કે જમાઅતમાં ઈમામ અને મુક્તદીઓનો સંબંધ એવા ઢંગથી સ્થાપિત કરવામાં આવ્યો છે, જેથી તમને જણાઈ આવે કે આ નાની મસ્જિદથી બહાર તે ભવ્ય મસ્જિદ, કે જેનું નામ 'દુનિયા' છે, ત્યાં તમારા ઈમામનો દરજ્જો શું છે? ઈમામની ફરજો શી છે? અને એના હક્કો કયા છે? તમારે કેવી રીતે એનું અનુસરણ કરવું જોઈએ અને કઈ વાતોમાં ન કરવું જોઈએ? એ ભૂલ કરી બેસે તો તમારે શું કરવું? ક્યાં સુધી એની ભૂલમાં પણ તમારે એનું અનુસરણ કરવું જોઈએ? કયા વખતે તેને ટકોર કરવાનો તમને અધિકાર છે? કયા વખતે તમે ભૂલ-સુધારણાની એની પાસે માગણી કરી શકો છો? અને કયા પ્રસંગે તમે એને ઈમામતમાંથી દૂર કરી શકો છો? આ બધું નાના પાયા ઉપર એક મોટી હકૂમતને ચલાવવાની કેળવણી આપવા માટે છે, જે દરરોજ પાંચ વખત દરેક નાની મસ્જિદમાં તમારા પાસે કરાવવામાં આવે છે.

ઈમામતની શરતો અને શિષ્ટાચાર :

આ કેળવણીની બધી વાતોનો સવિસ્તાર ઉલ્લેખ કરવાનો અવકાશ અહીં નથી, તેથી ફક્ત કેટલીક અગત્યની બાબતોનો જ ઉલ્લેખ અહીં કરૂં છું.

(૧) મુત્તરી અને પરહેઝગાર :

ઈમામ એવી વ્યક્તિને બનાવવાને હુકમ છે, જે પરહેઝગાર હોય, ઈલ્મ અને જ્ઞાનમાં ચઢિયાતી હોય, કુર્આન વિશેષરૂપે જાણતી હોય અને મોટી ઉંમરની પણ હોય. હદીસમાં આ ગુણોમાંનો કયો ગુણ બીજાથી ઉચ્ચતર છે, એની નોંધ પણ આપવામાં આવી છે. ઈમામ અને સરદારની ચૂંટણી કઈ-કઈ વાતોને અનુસરીને કરવી જોઈએ, એ પણ બતાવાયું છે.

• ઈમામના પાછળ નમાઝ પઢનાર વ્યક્તિ.

(૨) બુહમતીનો પ્રતિનિધિ :

હુકમ છે કે જેનાથી જમાઅતની બહુમતી નારાજ હોય, તેવી વ્યક્તિ ઈમામ નથી થઈ શકતી. એમ તો થોડા ઘણાં વિરોધીઓ કોના નથી હોતા, પણ જો જમાઅતમાં વધુ સંખ્યાના લોકો કોઈ વ્યક્તિ પ્રત્યે ઘૃણા રાખતા હોય, તો એને ઈમામ બનાવવો જોઈએ નહીં. અહીં ફરી કોમના નેતાની ચૂંટણીનો એક વધુ કાયદો બતાવવામાં આવે છે.

(૩) મુક્તદીઓનો હમદર્દ :

જે વ્યક્તિને જમાઅતનો ઈમામ બનાવવામાં આવે, તેને નમાઝ એવી રીતે પઢાવવાનો હુકમ છે કે જમાઅતના ખૂબ જ વૃદ્ધ વ્યક્તિઓને પણ તકલીફ ન પડે. ફક્ત યુવાન, મજબૂત અને ફુરસદવાળા લોકોને અનુલક્ષીને લાંબી-લાંબી કિરતો, લાંબા-લાંબા રૂકૂઅ અને સિજદાઓ કરવા લાગી જાય નહીં, બલ્કે જમાઅતમાંના વૃદ્ધો, બીમારો અને અશક્તોને પણ ધ્યાનમાં રાખે અને એ પણ જુએ કે એવા પ્રવૃત્ત લોકો પણ જમાઅતમાં છે, જેઓ નમાઝ પઢીને વહેલાસર પોતાને કામે જવા માગે છે. હા, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આ મામલામાં એટલે સુધી રહેમ અને મહોબ્બતનું દૃષ્ટાંત પૂરૂં પાડ્યું છે કે નમાઝ પઢાવતી વખતે કોઈ બાળકના રડવાનો અવાજ આવતો, તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ નમાઝને ટૂંકાવી દેતા હતા, જેથી બાળકની માતા, જો જમાઅતમાં સામેલ હોય તો એને તકલીફ ન પડે. આ જાણે કોમના નેતાને તાલીમ અપાઈ છે કે જ્યારે તેને નેતા બનાવવામાં આવે, તો કોમની સાથે તેનું વર્તન કેવા પ્રકારનું હોવું જોઈએ.

(૪) લાચારીમાં સ્થાન ખાલી કરી દે :

હુકમ છે કે ઈમામને જો નમાઝ પઢાવતી વખતે એવો સંજોગ આવી પડે કે જેને લઈને એ નમાઝ પઢાવવાને લાયક ન રહે, તો તરત જ ખસી જઈને પોતાની જગ્યાએ પાછળના માણસને ઊભો કરી દે. આનો અર્થ એ થયો કે કોમના નેતાની પણ એ ફરજ છે કે જ્યારે તે પોતાને કોમની નેતાગીરીને લાયક ન સમજે, તો પોતે ખસી જઈને બીજા લાયક માણસ માટે સ્થાન ખાલી કરી દે. આમાં શરમ, સંકોચ કે સ્વાર્થને કોઈ દખલ ન હોવી જોઈએ.

(૫) ઈમામનું સંપૂર્ણ અનુસરણ :

હુકમ છે કે ઈમામના ક્રિયાઓનું કડક રીતે પાલન કરો. તેની હરકતથી પહેલા હરકત કરવાની સખત મનાઈ કરવામાં આવી છે, ત્યાં સુધી કે જે વ્યક્તિ ઈમામથી પહેલા રુકૂઅ કે સિજદોમાં જતો રહે, તેના વિશે હદીસમાં આવ્યું છે કે તે ગધેડાના રૂપમાં (કયામતમાં) ઊભો કરવામાં આવશે. અહીં જાણે લોકોને શીખવવામાં આવ્યું છે કે તેણે પોતાના સરદારનું અનુસરણ કેવી રીતે કરવું જોઈએ.

(૬) ભૂલ ઉપર ચેતવણી :

ઈમામ જો નમાઝમાં ભૂલ કરી બેસે, દા.ત. જ્યાં એને બેસવું જોઈએ, ત્યાં ઊભો થઈ જાય અથવા ઊભા રહેવું હોય, ત્યાં બેસી જાય તો 'સુબ્હાનલ્લાહ' કહીને એની ભૂલ માટે ચેતવવાની સૂચના છે. 'સુબ્હાનલ્લાહ' કહેવાનો અર્થ એ થયો કે ભૂલથી પર ફક્ત અલ્લાહ જ છે. તમે ઈન્સાન છો, તમારાથી ભૂલચૂક થઈ જાય એમાં કંઈ નવાઈ જેવું નથી. આ છે ઈમામને ટોકવાની રીત. ઈમામને જ્યારે આવી રીતે ટોકવામાં આવે, તો તેણે કોઈ પ્રકારની શરમ કે સંકોચ વિના પોતાની ભૂલ સુધારી લેવી જોઈએ. અલબત્ત ઈમામને એવી ખાત્રી હોય કે એણે કરેલી ક્રિયા ખરી છે, તો પોતાના વિશ્વાસ મુજબ અમલ કરી શકે છે અને આવી સ્થિતિમાં જમાઅતનું એ કામ છે કે તેની ક્રિયાને ખોટી સમજવા છતાંય તેનો સાથ આપે. નમાઝ પૂરી થયા પછી મુક્તદીઓને હક્ક છે કે તેઓ ઈમામની ભૂલને તેના સમક્ષ સાબિત કરી બતાવે અને ફરીથી નમાઝ પઢાવવાની માગણી કરે.

(૭) મોટી ભૂલ અને ગુનામાં અનુસરણ નહીં :

ઈમામના સાથે જમાઅતનું આ વર્તન માત્ર તે સ્થિતિમાં છે, જ્યારે ભૂલ નાની-નાની વાતોમાં હોય. પરંતુ જો ઈમામ નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સુન્નત વિરુદ્ધ નમાઝની રીત બદલી નાખે અથવા નમાઝમાં કુર્આનને જાણી-બૂઝીને ખોટું પઢે અથવા નમાઝ પઢતાં કુફ્ર કે શિર્ક અથવા ખુલ્લો ગુનો કરે તો જમાઅતનું કર્તવ્ય છે કે તે જ વખતે નમાઝ તોડીને ઈમામથી અલગ થઈ જાય.

આ બધી શિખામણોમાં એવી તાલીમ આપવામાં આવી છે કે કોમી જીવનમાં તમારે પોતાના નેતા સાથે કેવી રીતે વર્તવું જોઈએ.

ભાઈઓ ! જમાઅત સાથે નમાઝ પઢવાના જે ફાયદાઓનું મેં વર્ણન કર્યું છે, તેનાથી તમે સમજી શક્યા હશો કે આખા દિવસ દરમ્યાન થોડીક જ મિનિટો માટે અદા કરવામાં આવતી આ ઈબાદતમાં અલ્લાહત્આલાએ કેવી રીતે તમારા માટે દીન અને દુનિયાની ભલાઈઓનો સુમેળ કર્યો છે. કેવી રીતે આ એક જ વસ્તુ તમને બધી ભલાઈઓથી માલામાલ કરી દે છે અને કેવી રીતે એ તમને અલ્લાહની ગુલામી અને દુનિયાની સરદારી માટે તૈયાર કરે છે.

સ્વાભાવિક રીતે જ તમે અહીં એવો પ્રશ્ન કરશો કે નમાઝ, જે આવી અજોડ વસ્તુ છે, તો એના જે ફાયદા તમે વર્ણવો છો, તે આજે શા માટે મેળવી શકાતા નથી ? આનો જવાબ, જો અલ્લાહ ઈચ્છશે, તો હવે પછીના ખુત્બામાં આપવામાં આવશે.

—●—

પ્રકરણ – ૫

નમાઝો અસરહીન કેમ થઈ ગઈ?

ભાઈઓ ! જે નમાઝના આટલા બધા ફાયદાઓથી તમે પરિચિત થયા, એ ફાયદાઓ હવે નમાઝ શા માટે નથી આપી રહી, તે તમને બતાવી દેવા ચાહું છું. તમે નમાઝ પઢો છો, છતાંય અવધૂત શા માટે ? અને શા માટે બાતિલપરસ્તો તમારા પર સરસાઈ ભોગવે છે ? અને શા માટે તમે દુનિયામાં દુર્દશા અને કંગાલિયતમાં સબડી રહ્યા છો ?

આ પ્રશ્નનો ટૂંકો જવાબ તો એ છે કે તમે નમાઝો પઢતા જ નથી, અને જો પઢો છો તો ખુદા અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે બતાવેલી રીત મુજબ પઢતા નથી. જેથી તમે એ ફાયદાઓની આશા રાખી શકો નહીં, જે મોમિનને ઉન્નતિની ટોચે લઈ જનારી નમાઝથી મળે છે. પણ હું એ જાણું છું કે ફક્ત આટલો ટૂંકો જવાબ આપને સંતોષ આપી શકશે નહીં. આથી જરા વિસ્તારથી આ બાબત તમને સમજાવીશ.

એક ઉદાહરણ – ઘડિયાળનું :

ઘડિયાળ તો તમે બધાએ જોઈ હશે. તેમાં ઘણાં ભાગો એક-બીજા જોડે બેસાડેલા હોય છે, એ પણ તમે જાણો છો. જ્યારે તેને ચાવી ભરવામાં આવે છે, તો તેના બધા ભાગો પોતપોતાની ક્રિયા શરૂ કરે છે અને આ ક્રિયાનું પરિણામ બહારના સફેદ ડાયલ ઉપર તમે જુઓ છો. એટલે કે ઘડિયાળના બંને કાંટાઓ ફરીને એક-એક સેકન્ડ અને એક-એક મિનિટ બતાવવા લાગી જાય છે. જરા ધ્યાનપૂર્વક વિચાર કરજો, ઘડિયાળની બનાવટ પાછળનો હેતુ એ છે કે તે સાચો સમય દેખાડે. આ હેતુ માટે ઘડિયાળના યંત્રના એ સર્વે ભાગોને એકઠા કરવામાં આવ્યા છે, જે સાચો સમય દેખાડવા માટે જરૂરી હતા. એ બધાને પછી એવી રીતે જોડવામાં આવ્યા છે કે એ બધા મળીને રીતસર ક્રિયા કરે અને દરેક ભાગ એ જ કામ અને એટલું જ કામ કરતો રહે, જે સાચો સમય દેખાડવા માટે એણે કરવું જોઈએ. એ ભાગોની ગતિ અટકી ન પડે અને તેઓ નિયમિત કામ કરતા રહે, એ માટે ચાવી ભરવાનો નિયમ નક્કી કરવામાં આવ્યો છે. આવી રીતે ચાવી ભરવામાં

આવે, ત્યારે જ ઘડિયાળ ખરો સમય બતાવવા લાયક બને છે.

ઘડિયાળને તમે ચાવી ભરો નહીં, તો એ સમય દેખાડશે નહીં તેમજ ચાવી ભરવાની રીત મુજબ ચાવી ન ભરો, તો એ સાચો સમય બતાવશે નહીં. તમે એના કેટલાક ભાગોને કાઢી નાખીને ચાવી ભરો, તો તેનાથી કંઈ વળશે નહીં. જો તમે તેના કેટલાક ભાગોને કાઢી નાખીને તેમની જગ્યાએ સિંગર મશીનના ભાગો લગાવી દેશો અને પછી ચાવી ભરશો તો એનાથી, ન તો એ સમય દેખાડશે કે ન એ કપડું સીવશે.

વળી જો તમે તેના બધા ભાગોને તેના અંદર જ રહેવા દઈને ખોલી નાખીને એક-બીજાથી છૂટા પાડી દો અને ચાવી ભરો તો પણ કોઈ ભાગ ચાલ પકડશે નહીં. જોવામાં તો બધા ભાગો એના અંદર મોજૂદ હશે, પણ ફક્ત બધા ભાગો અંદર હોવાથી એ હેતુ સરશે નહીં, જે માટે ઘડિયાળની રચના કરવામાં આવી છે; કારણ કે એમની ગોઠવણ અને એમના એક-બીજા સાથેના સંબંધને તમે તોડી નાખ્યો છે, જેને લઈને તેઓ ચાલ પકડી શકતા નથી.

ઘડિયાળની આ જે સર્વ સ્થિતિઓ મેં વર્ણવી છે, તેમાં જો કે ઘડિયાળની હસ્તી અને તેને ચાવી ભરવાની ક્રિયા બંને નકામા થઈ જાય છે ખરા, પરંતુ એને દૂરથી જોનાર એવું કહી શકતો નથી કે એ ઘડિયાળ નથી અથવા તમે ચાવી ભરતા નથી. તે તો એમ જ કહેશે કે એ ઘડિયાળ જ છે, જેથી તેના ફાયદાઓની પણ એ આશા રાખશે. આવી રીતે દૂરથી તમને ચાવી ભરતો જોઈને એ એવો જ ખ્યાલ કરશે કે તમે હકીકતમાં ઘડિયાળને ચાવી ભરી રહ્યા છો, તેથી એ ક્રિયાનું જે પરિણામ આવી શકે છે, તેની પણ ચોક્કસ આશા રાખશે. પણ આ આશા કેવી રીતે પૂરી થાય, જયારે એ ફક્ત દૂરથી જોવા માટેની ઘડિયાળ હોય અને હકીકતમાં એમાં સમય દેખાડવાનો ગુણ જ બાકી રહ્યો ન હોય.

ઉમ્મતે મુસ્લિમાનો હેતુ :

ઘડિયાળના આ દાખલાથી તમે બધી વાત સમજી શકશો. ઈસ્લામને આ જ ઘડિયાળ રૂપ ધારી લો. જેમ ઘડિયાળનો હેતુ સાચો સમય દેખાડવાનો છે, તેમ ઇસ્લામનો હેતુ એ છે કે તમે જમીન ઉપર ખુદાના ખલીફા એટલે કે ખુદાના પ્રતિનિધિ બનીને રહો. તમે જાતે ખુદાના હુકમ મુજબ વર્તો, બીજાઓ પર ખુદાનો હુકમ ચલાવો અને બધાને ખુદાના કાનૂનને તાબે બનાવીને રાખો. આ હેતુ સ્પષ્ટ રીતે કુર્આનમાં વર્ણવ્યો છે કે –

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ
بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُونَ بِاللَّهِ ۚ

''હવે દુનિયામાં એ ઉત્તમ જૂથ તમે છો, જેને માનવીઓના માર્ગદર્શન અને

સુધારા માટે ઊભું કરવામાં આવ્યું છે. તમે ભલા કાર્યોની આજ્ઞા આપો છો, બૂરા કાર્યોથી રોકો છો અને અલ્લાહ ઉપર ઈમાન ધરાવો છો.'' (સૂર: આલે ઈમરાન, આ. ૧૧૦)

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ

''અને આવી રીતે અમે તમે મુસલમાનોને એક 'ઉમ્મતે વસત' બનાવ્યા છે, જેથી તમે દુનિયાના લોકો ઉપર સાક્ષી રહો...'' (સૂર: બકરહ, આ. ૧૪૩)

وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَعَمِلُوا الصّٰلِحٰتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِى الْاَرْضِ

''અલ્લાહે વચન આપ્યું છે, તમારા પૈકી એ લોકોને જેઓ ઈમાન લાવે અને સદ્‌કાર્ય કરે કે તે તેમને એવી જ રીતે ધરતી ઉપર ખલીફા બનાવશે, જેવી રીતે તેમના અગાઉ થઈ ગયેલા લોકોને બનાવી ચૂક્યો છે.'' (સૂર: નૂર, આ. ૫૫)

وَقَاتِلُوْهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ وَّيَكُوْنَ الدِّيْنُ كُلُّهٗ لِلّٰهِ

''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ કાફિરો (અધર્મીઓ) સાથે લડાઈ કરો, અહીં સુધી કે ઉપદ્રવ બાકી ન રહે અને દીન સંપૂર્ણપણે અલ્લાહ માટે થઈ જાય.''
(સૂર: અન્ફાલ-૩૯)

ઈસ્લામના હુકમો ઘડિયાળના ભાગોની જેમ એક-બીજા સાથે જોડાયેલાં :

આ હેતુને પૂર્ણ કરવા માટે ઘડિયાળની જેમ ઈસ્લામમાં પણ તે બધા ભાગોને એકત્ર કરી ગોઠવવામાં આવ્યા છે, જે એ હેતુ માટે જરૂરી અને યોગ્ય હતા. હવે એ ભાગો કયા છે, એ આપણે જાણીએ. દીનના અકીદા (આસ્થાઓ), ચારિત્ર્યના સિદ્ધાંતો, વ્યવહારના નિયમો, ખુદાના હક્કો, ખુદ આપણી જાતના હક્કો, જેના સાથે તમને કામ પડવાનું હોય તે સર્વ દુન્યવી ચીજોના હક્કો, કમાવવાના કાયદાઓ, ખર્ચ કરવાની રીતો, યુદ્ધ અને સંધિના નિયમો, રાજ ચલાવવાના કાયદાઓ અને ઈસ્લામી શાસનની તાબેદારી કરવાની રીતો, આ સર્વ ઈસ્લામના ભાગો છે. તેમને ઘડિયાળના ભાગોની જેમ એક-બીજા સાથે ગોઠવીને એવી રીતે જોડવામાં આવ્યા છે કે એમાં ચાવી ભરો એટલે બધા જ ભાગો એક-બીજા સાથે મળીને ચાલવા લાગશે અને એમની ક્રિયાઓનું સાચું પરિણામ, એટલે કે ઈસ્લામનો પ્રભાવ અને દુનિયા ઉપર ખુદાઈ કાનૂનનું વર્ચસ્વ બરોબર એ જ રીતે દેખાવા લાગશે, જેવી રીતે આ ઘડિયાળના ભાગોની ક્રિયાથી બહારના સફેદ ડાયલ પર એનું પરિણામ સ્પષ્ટ રીતે આપણે જોઈ શકીએ છીએ. ઘડિયાળમાં એના ભાગોને એક-બીજા સાથે એકત્ર રાખવા માટે સ્ક્રુઓ

અને પટ્ટીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એવી જ રીતે ઈસ્લામના તમામ ભાગોને એકત્ર રાખવા માટે અને તેમની સુયોગ્ય ગોઠવણી કાયમ રાખવા જે વસ્તુઓ રાખવામાં આવી છે, તે જમાઅતી તંત્રના નામે ઓળખવામાં આવે છે. આમાં પહેલી વસ્તુ મુસલમાનોનો એક એવો સરદાર છે, જે દીનનું સાચું જ્ઞાન અને તકવાના ગુણો ધરાવતો હોય. જમાઅતના બધા બુદ્ધિશાળીઓ મળીને તે સરદારની સહાયતા કરે, જમાઅતના હાથ-પગ (સામાન્ય લોકો) એનું અનુસરણ કરે. એ સર્વની શક્તિઓ વડે સરદાર ઈસ્લામી કાનૂનોને લાગુ કરે અને લોકોને એનો ભંગ કરતા અટકાવે. આ રીત મુજબ, જ્યારે બધા ભાગો એક-બીજાથી જોડાઈ જાય અને તેમની ગોઠવણ રીતસરની થઈ જાય, તો ગોઠવણને ટકાવી રાખવા અને તેને બરાબર કામે લગાડવા માટે ચાવીની જરૂરત હોય છે.

બસ, આ ચાવી તે નમાઝ છે, જે દરરોજ પાંચ વખત પઢવામાં આવે છે. સૌ કોઈ જાણે છે કે ઘડિયાળને સાફસૂફ રાખવાની પણ એટલી જ અગત્યતા છે અને તે સાફસૂફી એ રોઝાઓ છે, જે એક વર્ષમાં ૩૦ દિવસ માટે રાખવામાં આવે છે. ઘડિયાળને તેલ આપવાની પણ જરૂરત હોય છે અને આ તેલ ઝકાત છે, જે એક વર્ષમાં એક વખત એ ભાગોને પૂરૂં પાડવામાં આવે છે. આ તેલ કંઈ બહારથી નથી આવતું, બલ્કે આ જ ઘડિયાળના કેટલાક ભાગો તૈયાર કરે છે અને બીજા સૂકાયેલા ભાગોને તેલવાળા કરીને સહેલાઈથી એ ચાલી શકે એવા બનાવી દે છે. ઘડિયાળને કદી-કદી ઓવર-હોલિંગ કરવાની પણ જરૂરત રહે છે. આ ઓવરહોલિંગ તે હજ્જ છે, જે જીવનમાં એકવાર કરવું જરૂરી છે અને આથી વધુ પણ જેટલી વખત કરવામાં આવે તેટલું ઉત્તમ છે.

વેરણ-છેરણ ભાગોને જોડવું લાભદાયી નથી :

હવે તમે વિચાર કરો કે ચાવી આપવી, સાફસૂફી કરવી, તેલ આપવું અને ઓવરહોલિંગ કરવું એ ક્યારે લાભદાયી થઈ શકે ? જ્યારે આ ફ્રેમમાં આ જ ઘડિયાળના બધા ભાગો મોજૂદ હોય, એક-બીજા સાથે વ્યવસ્થિત રીતે જોડાયેલા હોય અને તેઓ એટલી હદે સક્રિય હોય કે ચાવી આપવાની સાથે જ ચાલવા લાગે અને તેમનું પરિણામ દેખાવા લાગે. પણ અહીં તો જુદી જ વસ્તુનો ભાસ થાય છે. પ્રથમ તો તે જમાઅતી તંત્ર જ અસ્તિત્વ ધરાવતું નથી, જેના વડે આ ઘડિયાળના ભાગોને એકત્ર કરવામાં આવ્યા હતા. પરિણામ શું આવ્યું એ જાણો છો ? બધા સાંધા ઢીલા પડી ગયા અને એક-એક ભાગ જુદો થઈને વિખરાઈ ગયો. હવે જેને, જે ફાવે તે કરે છે. કોઈ રોક-ટોક કરનાર જ નથી. પ્રત્યેક જણ આપખુદ છે. એનું દિલ ચાહે તો ઈસ્લામના કાયદાનું અનુસરણ કરે અને ન ચાહે તો ન કરે. આટલેથી પણ દિલને ઠંડક

ન વળી અને તમે આ ઘડિયાળના ઘણા ભાગોને કાઢી નાખીને તેમની જગ્યાએ પોત-પોતાની પસંદગીના બીજા મશીનોના ભાગો લગાડ્યાં. કોઈ સિંગર મશીનનો ભાગ પસંદ કરીને લઈ આવ્યું, તો કોઈએ લોટ દળવાની ઘંટીનો ભાગ લગાડ્યો, તો કોઈને મોટરનો ભાગ પસંદ પડ્યો તો તેને આ ઘડિયાળમાં લગાવી દીધો. હવે તમે મુસલમાન પણ છો અને બેંકથી વ્યાજની લેવડ-દેવડ પણ તમારા હાથે ચાલી રહી છે. વીમા કંપનીઓમાં વીમા પણ ઊતરાવો છો. અદાલતમાં જૂઠા કેસો પણ લડી રહ્યા છો. નાહક અને બાતિલપરસ્તોની વફાદારીપૂર્વક સેવા પણ બજાવી રહ્યા છો. પુત્રીઓ, બહેનો અને પત્નીઓને શ્રીમતીઓ અને મેમસાહેબો પણ બનાવી રહ્યા છો. બાળકોને ભૌતિકવાદ (ધન-દોલતની પૂજા)નું શિક્ષણ આપી રહ્યા છો. ગાંધીજીનું અનુસરણ પણ કરી રહ્યા છો, લેનિનના ગીતો પણ ગાઈ રહ્યા છો. મતલબ કે કોઈ બિનઇસ્લામી વસ્તુ એવી નથી રહી, જેને લાવીને આપણા મુસલમાન ભાઈઓએ ઇસ્લામની ઘડિયાળની ફ્રેમમાં લગાડી ન હોય. સમયની પ્રત્યેક ચાલતી વસ્તુ અને વિચારને સ્વીકારી લેવામાં આવે છે અને તેનું થીગડું ઇસ્લામ સાથે જોડી દેવામાં આવે છે.

ભાગોની દુરસ્તી વગર પરિણામ નહીં :

આ બધું કરવા છતાં તમે ઇચ્છો છો કે ચાવી આપવાથી ઘડિયાળ ચાલવા લાગે અને જે હેતુ માટે તેને બનાવવામાં આવી છે, તે હેતુ તે પાર પાડે. સાફસૂફી, તેલ અને ઓવરહોલિંગ કરવાના એ જ લાભો પણ પ્રાપ્ત થાય, જે આ કામો માટે મુકર્રર છે. જો બુદ્ધિનો જરા જેટલો પણ ઉપયોગ કરશો, તો તરત જ તમોને એ સમજાઈ જશે કે આ ઘડિયાળની જે દશા તમે કરી મૂકી છે, તે દશામાં તો જીવનભર ચાવી આપવાનું કે સાફસૂફી અને ઓવરહોલિંગ કરવાનું કોઈ જ પરિણામ આવી શકતું નથી. જ્યાં સુધી તમે તેને બહાર લાવીને લગાડેલા ભાગોની જગ્યાએ અસલી ભાગોને, જેમ તેઓ શરૂઆતમાં હતા, તેવી જ રીતે લગાડી નહીં દો, ત્યાં સુધી કદાપિ તમારી એ પરિણામની આશા ફળીભૂત થશે નહીં, જે પરિણામ આ ઘડિયાળથી પહેલાં ક્યારેક આવ્યું હતું.

ઈબાદતો અસરહીન થવાનું મૂળ કારણ :

ભાઈઓ ! સારી રીતે સમજી લો કે તમારી નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ પરિણામ વિનાના થઈ જવાનું ખરું કારણ આ જ છે. પ્રથમ તો એ જ જુઓ કે તમારામાંથી નમાઝ પઢનારા, રોઝા રાખનારા, ઝકાત અદા કરનારા છે કેટલા ? જમાઅતી તંત્ર વેરવિખેર થઈ જવાના કારણે પ્રત્યેક જણ સંપૂર્ણ સ્વતંત્ર બની ગયો છે. ચાહે તો આ ફરજોને અદા કરે, ન ચાહે તો ન કરે, કોઈ પૂછનાર જ નથી; અને જેઓ અદા કરે છે,

તેઓ પણ કેવી રીતે અદા કરે છે, તે જાણો છો ? નમાઝમાં જમાઅતની પાબંદી નહીં અને કદાચ હોય તો પણ મસ્જિદોમાં ઈમામત માટે એવા લોકોને ચૂંટવામાં આવે છે, જેઓ દુનિયામાં બીજા કોઈ પણ કામ માટે લાયક હોતા નથી. મસ્જિદના રોટલા ખાવાવાળા, દીની ફરજોને કમાઈનું સાધન સમજનારા, અભણ, અશક્ત અને ચારિત્ર્યની ઉણપવાળા લોકોને તમે એ નમાઝ માટે ઈમામ બનાવ્યા છે, જે તમને ખુદાનો ખલીફા અને ખુદાનો પ્રતિનિધિ બનાવવા માટે નક્કી કરવામાં આવી હતી ! એ રીતે રોઝા, ઝકાત અને હજ્જની જે સ્થિતિ છે, તે પણ અવર્ણનીય છે.

આમ છતાં પણ તમે, અલબત્ત એમ કહી શકો છો કે હજુ પણ ઘણા એવા મુસલમાનો છે, જેઓ દીની ફરજોને જરૂર બજાવી લાવે છે, પણ જેમ કે આગળ કહેવામાં આવ્યું છે, તે મુજબ ઘડિયાળના એક-એક ભાગને અલગ કરીને તેની જગ્યાએ બહારની અસંખ્ય વસ્તુઓ તમે દાખલ કરી છે, એ કારણે હવે સાફસૂફી કરવી ન કરવી, તેલ આપવું કે ન આપવું, ઓવરહોલિંગ કરવું કે ન કરવું એ બધુંય સરખું છે. આ કામોનું ઈચ્છિત પરિણામ આવી શકતું નથી. તમારી આ ઘડિયાળને દૂરથી જોવામાં આવે તો એ ઘડિયાળ જ લાગશે. તેને જોવાવાળા કહેશે કે આ તો ઈસ્લામ છે અને તમે મુસલમાન છો. તમે જ્યારે આ ઘડિયાળને ચાવી આપો છો અને સાફસૂફી કરો છો, તો દૂરથી જોનાર એ જ સમજે છે કે હકીકતમાં તમે ચાવી આપો છો અને સાફસૂફી કરો છો. કોઈ એમ નથી કહી શકતું કે આ નમાઝ નમાઝ નથી અથવા આ રોઝા રોઝા નથી, પણ જોનારને શું ખબર કે આ બહાર દેખાતી ફ્રેમની અંદર કેવા-કેવા પ્રપંચો તાંડવ-નૃત્ય કરી રહ્યા છે !

આપણી અફસોસનાક હાલત :

ભાઈઓ ! તમારી આ મઝહબી ક્રિયાઓ આજે પરિણામ-શૂન્ય કેમ થઈ ગઈ છે, એનું કારણ મેં જણાવી દીધું છે અને એ પણ બતાવી દીધું છે કે નમાઝો પઢવી અને રોઝા રાખવા છતાં પણ તમે ખુદાઈ ફોજદાર થવાના બદલે અસત્યથી પરાજિત અને પ્રત્યેક જુલ્મોનો ભોગ કેમ બની રહ્યા છો ? જો તમે માઠું ન લગાડો, તો હું તમને આનાથી પણ અફસોસનાક વસ્તુ કહું. તમને પોતાની હાલત માટે દુઃખ અને મુસીબતની લાગણી તો જરૂર છે, પણ તમારામાંના એક હજાર માણસોમાંથી નવસો નવ્વાણુંથી પણ વધારે માણસો એવા છે, જે આ પરિસ્થિતિને બદલી નાખવાના ખરા ઉપાય માટે તૈયાર નથી. તેઓ ઈસ્લામની આ ઘડિયાળમાંથી તેમની પસંદગીના બહારના ભાગોને દૂર કરીને તેની જગ્યાએ અસલી ભાગોને પુનઃ વ્યવસ્થિત કરવાની વાત સાંભળવા સુદ્ધાં તૈયાર નથી. કારણ કે આ ઘડિયાળમાંથી બહારની વસ્તુઓને કાઢી નાખવામાં આવશે, તો તેમની પોતાની પસંદગીની કંઈક વસ્તુઓ પણ કાઢી નંખાશે અને જ્યારે અસલી

ભાગોનું જોડાણ કરવામાં આવશે, તો ન છૂટકે તેમને પણ એની સાથે બંધાવું પડશે. ખુદાની પસંદગી આગળ તેમની પસંદગીને જતી કરવી પડશે. એટલે આ કામ રાજી-ખુશીથી આપ-મેળે કરવા કોઈ તૈયાર થાય એ ઘણું અઘરૂં છે.

આથી તેઓની એ જ ઈચ્છા છે કે આ ઘડિયાળ એવી જ રીતે ભીંતની શોભા બની રહે, દૂરથી લોકો તેના દર્શન કરતા રહે અને તેમના આગળ એ ઘડિયાળના પરાક્રમોના લાંબા વર્ણનો કરવામાં આવે. આથી આગળ વધીને કેટલાક લોકો, જેઓ આ ઘડિયાળ (ઈસ્લામ)ના વધુ ચાહકો છે, તેઓ એવું ઈચ્છે છે કે આ ઘડિયાળને ખૂબ સારી રીતે દિલ લગાવીને ચાવી ભરવી જોઈએ, સાફસૂફી, તેલ કે ઓવરહોલિંગ ખૂબ મહેનતપૂર્વક કરવા જોઈએ, પણ કદાપિ એ ઘડિયાળના નકલી ભાગોને દૂર કરીને એની જગ્યાએ જ અસલી ભાગોને પુનઃ એકત્ર કરવાનો વિચાર સુદ્ધાં ન કરવો જોઈએ.

કાશ, હું પણ તમારી હા માં હા મેળવતો ! પણ શું કરૂં, જે કંઈ જાણું છું એના વિરુદ્ધ કહી શકતો નથી. હું તમને ખાત્રી અપાવું છું કે જે દશામાં તમે આજે પડ્યા છો, તેમાં પાંચ વખતની નમાઝો ઉપરાંત, તહજ્જુદ, ઈશ્રાક અને ચાશતની નમાઝો પણ પઢો, પાંચ-પાંચ કલાક સુધી દરરોજ કુર્આન પઢો અને રમઝાન-શરીફ ઉપરાંત બાકીના અગિયાર મહિનામાં પાંચ મહિનાના વધુ રોઝા રાખી લો, તો પણ કંઈ જ પ્રાપ્ત થશે નહીં. ઘડિયાળની અંદર એના બધા અસલી ભાગો યોગ્ય રીતે ગોઠવાયેલા મોજૂદ હોય તો જરા જેટલી ચાવી આપવાથી, આથી ઊલ્ટી સ્થિતિના ઘડિયાળને જો તમે જીવનભર ચાવી આપતા રહો તો પણ તે ચાલશે એ આશા જ વ્યર્થ સમજો. (માટે જ્યાં સુધી આ ઈસ્લામ રૂપી ઘડિયાળને ગેરઈસ્લામી ભાગોથી પવિત્ર કરવામાં આવે નહીં, ત્યાં સુધી ફરજ ઈબાદતો તેમની ખરી અસર કદાપિ દેખાડી શકશે નહીં.)

—●—

પ્રકરણ – ૬

રોઝા

દરેક ઉમ્મત પર રોઝા અનિવાર્ય કરવામાં આવ્યા :

મુસલમાન ભાઈઓ ! અલ્લાહત્આલાએ જે બીજી ઈબાદત તમારા ઉપર ફરજ કરી છે, તે 'રોઝા' છે. 'રોઝા'નો અર્થ એ છે કે સવારથી સાંજ સુધી માણસ ખાવા-પીવા કે સ્ત્રી-સંગથી દૂર રહે. નમાઝની જેમ આ ઈબાદત પણ સર્વ પયગંબરોની શરીઅતમાં ફરજ તરીકે રહી છે. અગાઉ જેટલી ઉમ્મતો થઈ, તે બધી એવી જ રીતે રોઝા રાખતી હતી, જેવી રીતે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મત (અનુયાયીઓનો સમૂહ) રાખે છે. અલબત્ત, રોઝાના આદેશો, સંખ્યા અને સમય-મર્યાદા વિશે શરીઅતો વચ્ચે ફેરફાર રહ્યો છે.

આજે પણ આપણે જોઈ શકીએ છીએ કે ઘણા ખરા ધર્મોમાં રોઝા (ઉપવાસ) એક અથવા બીજા સ્વરૂપમાં મોજૂદ છે. હા, લોકોએ પોતાના તરફથી અનેક વસ્તુઓ એમાં ઉમેરીને એના સ્વરૂપને બગાડી દીધું છે. કુર્આન કહે છે –

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا
كُتِبَ عَلَى الَّذِينَ مِنْ قَبْلِكُمْ

"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે રોઝા ફરજિયાત બનાવવામાં આવ્યા, જેવી રીતે તમારી અગાઉ નબીઓના અનુયાયીઓ માટે ફરજિયાત બનાવવામાં આવ્યા હતા." (સૂરઃ બકરહ, આ. ૧૮૩)

આ આયતથી જણાય છે કે અલ્લાહત્આલા તરફથી જેટલી શરીઅતો આવી છે, તે ક્યારેય રોઝાની ઈબાદતથી ખાલી નથી રહેવા પામી.

રોઝા કેમ અનિવાર્ય કરવામાં આવ્યા ?

આ ઉપરથી વિચાર કરો કે રોઝામાં એવી તો કઈ બાબત છે કે જેના કારણે અલ્લાહત્આલાએ આ ઈબાદતને પ્રત્યેક યુગમાં ફર્ઝ કરી છે ?

જીવનનો હેતુ – રબની બંદગી :

અગાઉ પણ કેટલીય વાર આનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે ઇસ્લામનો ખરો હેતુ ઇન્સાનની આખી જિંદગીને અલ્લાહત્આલાની ઈબાદત બનાવી દેવાનો છે. ઈન્સાન 'અબ્દ' એટલે બંદો જન્મ્યો છે. 'અબ્દિયત' એટલે બંદગી તેની મૂળભૂત પ્રકૃતિ છે. તેથી ઈબાદત અર્થાત્ આચાર-વિચારમાં અલ્લાહની બંદગીથી તેણે એક ક્ષણ માટે પણ મુક્ત થવું જોઈએ નહીં. તેણે પોતાના જીવનની પ્રત્યેક બાબતમાં, પ્રત્યેક સંજોગોમાં એ જોવું જોઈએ કે અલ્લાહત્આલાની પસંદગી અને પ્રસન્નતા કઈ વસ્તુમાં છે અને તેનો ક્રોધ અને નારાજી કઈ વસ્તુમાં છે. જે તરફ અલ્લાહની પસંદગી હોય એ તરફ જવું જોઈએ અને જે તરફ ક્રોધ અને નારાજી હોય એ તરફ જતાં એ રીતે બચવું જોઈએ, જે રીતે આગના અંગારાથી આપણે બચીએ છીએ. જે માર્ગ અલ્લાહે પસંદ કર્યો છે, તેના ઉપર જ ચાલવું જોઈએ. જે માર્ગ તેણે નાપસંદ રાખ્યો છે, તેનાથી દૂર રહેવું જોઈએ. જ્યારે ઈન્સાનની આખી જિંદગી આ રંગમાં રંગાઈ જાય, ત્યારે જ માનજો કે તેણે પોતાના માલિકની બંદગીનો હક્ક અદા કર્યો અને –

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُونِ ﴿٥٦﴾

"મેં જિન્નાતો અને મનુષ્યોને આ સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી કરે." (સૂરઃ ઝારિયાત, આ. ૫૬)

ઈબાદત – બંદગીનું પ્રશિક્ષણ :

એ વાત પણ હું અગાઉ જણાવી ચૂક્યો છું કે નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જના નામે જે ઇબાદતો આપણા માટે ફર્ઝ કરવામાં આવી છે, તેનો સાચો હેતુ એ જ મોટી ઈબાદત માટે આપણને તૈયાર કરવાનો છે. તેમને ફર્ઝ કરવાનો અર્થ એ નથી કે જો તમે દિવાસમાં પાંચ વખત રુકૂઅ અને સિજદા કર્યા, રમઝાનમાં ત્રીસ દિવસ સવારથી લઈને સાંજ સુધી ભૂખ-તરસ સહન કરી અને માલદાર હોવાની પરિસ્થિતિમાં વાર્ષિક ઝકાત આપી અને જિંદગીમાં એકવાર હજ્જ્ કરી એટલે અલ્લાહના જે કંઈ હક્કો હતા, તે અદા થઈ ગયા અને ત્યાર પછી તમે તેની બંદગીથી આઝાદ થઈ ગયા, હવે જે ચાહો તે કર્યા કરો. આ ઈબાદતોને ફર્ઝ કરવાનો મૂળ હેતુ આ જ છે કે એ ઇબાદતો વડે ઇન્સાનને કેળવવામાં આવે અને તેને એ લાયક બનાવી દેવામાં આવે કે તેનું સમગ્ર જીવન અલ્લાહની ઈબાદત બની જાય. આવો, ત્યારે આ હેતુને દૃષ્ટિ સમક્ષ રાખીને હવે આપણે જોઈએ કે રોઝા કેવી રીતે માનવીને આ મોટી ઈબાદત માટે તૈયાર કરે છે.

રોઝા સંપૂર્ણ ઈબાદત છે :

રોઝા સિવાય બીજી જેટલી પણ ઈબાદતો છે, તેમને કોઈ-ને-કોઈ પ્રકારની બાહ્ય ક્રિયાથી અદા કરવામાં આવે છે. દા.ત. નમાઝમાં માણસ ઊઠે છે, બેસે છે, રુકૂઅ અને સિજદા કરે છે, જેને દરેક વ્યક્તિ જોઈ શકે છે. હજ્જ માટે એક લાંબો પ્રવાસ ખેડે છે. આ પ્રવાસમાં હજારો, લાખો લોકો તેના સાથે હોય છે. ઝકાતમાં પણ ઓછામાં ઓછી એક વ્યક્તિ આપે છે અને બીજી લે છે. આ બધી ઈબાદતો છૂપી રહેવા પામતી નથી. તમે જો એને અદા ન કરો તોય લોકોને તેની ખબર પડી જાય છે. આથી ઊલ્ટું, રોઝા એક એવી ઈબાદત છે, જેનો ભેદ ખુદા અને બંદા સિવાય બીજા કોઈને માલૂમ પડતો નથી. એક વ્યક્તિ બધાની રૂબરૂ સહેરી કરે અને ઈફતારના સમય સુધી જાહેરમાં કંઈ પણ ખાય-પીએ નહીં, પણ ચોરી-છૂપીથી પાણી પી લે અથવા કંઈ ખાઈ લે, તો ખુદા સિવાય બીજા કોઈને તેની ખબર પડતી નથી. આખી દુનિયા એ જ સમજવાની કે તે રોઝાદાર છે. પરંતુ વાસ્તવમાં તેણે રોઝો રાખ્યો નહીં હોય.

રોઝા – ઈમાનની મજબૂતીની નિશાની :

રોઝાની આ હેસિયતને દૃષ્ટિ સમક્ષ રાખો અને પછી વિચાર કરો. જે વાસ્તવમાં રોઝો રાખે છે અને ચોરી-છૂપીથી પણ કંઈ ખાતો નથી; સખત ગરમીના સમયે પણ, જયારે તેનું ગળું સૂકાઈ ગયું હોય પાણીનું એક ટીપું પણ ગળામાં ઉતારતો નથી તેમજ ભૂખના કારણે એનો જીવ તાળવે ચોંટવા છતાં પણ કોઈ વસ્તુને ખાવાનો વિચાર સુદ્ધાં કરતો નથી; આવી વ્યક્તિને 'અલ્લાહત્આલા ગેબ (અદૃષ્ય)ની વાતોનો જાણકાર છે' એ હકીકત પર કેવી શ્રદ્ધા છે ! કેવા જબરજસ્ત વિશ્વાસ સાથે એ જાણતી હોય છે કે એની કોઈ પણ હિલચાલ આખી દુનિયાથી ગુપ્ત રહી શકે છે, પણ અલ્લાહથી ગુપ્ત રહી શકતી નથી. અલ્લાહનો ડર એના દિલમાં કેટલો બધો છે કે મોટામાં મોટી તકલીફ અને ડરના કારણે સહન કરે છે, પણ એવું કોઈ જ કામ કરતી નથી જે તેના રોઝાને તોડનારું હોય. કેવી અચળ શ્રદ્ધા છે તેને કયામતના દિવસના હિસાબ-કિતાબ ઉપર કે મહિનામાં લગભગ ૩૬૦ કલાક રોઝો રાખે છે, એ દરમ્યાન એક ક્ષણ માટે પણ એના દિલમાં આખિરત વિશે જરા જેટલો પણ વહેમ હોતો નથી ! જો કે તેને આ વાતમાં જરા જેટલી પણ શંકા હોત કે આખિરત હશે કે નહીં અને તેમાં પાપ અને પૂણ્યનો ફેંસલો કરવામાં આવશે કે નહીં, તો તે ક્યારેય પોતાના રોઝા પૂરા કરી શકતો નહીં. શંકાશીલ થયા પછી એ શક્ય નથી કે ઈન્સાન ખુદાના હુકમના પાલન અર્થે કંઈ ખાય-પીએ નહીં, એવા ઈરાદા પર સ્થિર રહે.

એક મહિનાની લગાતાર ટ્રેઈનિંગ :

આવી રીતે અલ્લાહત્આલા દર વર્ષે પૂરા એક મહિના સુધી મુસલમાનોના ઈમાનની સતત કસોટી કરીને પારખે છે. આ કસોટીમાં ઇન્સાન જેટલો પૂરો ઊતરતો જાય છે, તેટલું એનું ઈનામ મજબૂત થતું જાય છે. આ જાણે કસોટીની કસોટી અને તાલીમની તાલીમ બંને એક સાથે છે. તમે જ્યારે કોઈના પાસે અનામત મૂકો છો, તો જાણે તમે એના ઈમાનની કસોટી કરો છો. જો એ વ્યક્તિ તે કસોટીમાં પાર ઊતરે અને ખયાનત ન કરે તો એનામાં વધુ-ને-વધુ અનામતો સાચવવાની શક્તિ આવી જશે અને તે ખરેખરો 'અમીન' (વિશ્વાસુ) બની જશે. આવી જ રીતે અલ્લાહત્આલા પણ લાગલલાટ એક મહિના સુધી દરરોજ બાર-બાર અને ચૌદ-ચૌદ કલાક સુધી તમારા ઈમાનને કપરી કસોટીમાં નાખે છે. જો તમે એ કસોટીમાં સફળતાપૂર્વક પાર ઊતરો તો તમારા અંદર અલ્લાહથી ડરીને બીજા ગુનાહોથી પણ બચતા રહેવાનો ગુણ જન્મશે. અલ્લાહને અદૃશ્ય વાતોનો જાણકાર સમજીને ચોરી-છૂપીથી પણ તેના કાનૂનનો ભંગ કરવાથી દૂર રહેવાની શક્તિ પ્રાપ્તિ થશે અને કયામતનો તે દિવસ આ રીતે તમને દરેક પળે યાદ અપાવતો રહેશે, જે દિવસે બધા ભેદો અને હકીકતો ખુલી જશે અને સહેજ પણ વધઘટ વિના ભલાઈનો ભલો અને બૂરાઈનો બૂરો બદલો મળશે. આ જ અર્થ એ આયતનો છે –

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا
كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٨٣﴾

''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! તમારા માટે રોઝા ફરજિયાત બનાવવામાં આવ્યા, જેવી રીતે તમારી અગાઉ નબીઓના અનુયાયીઓ માટે ફરજિયાત બનાવવામાં આવ્યા હતા. આનાથી આશા છે કે તમારામાં તકવા (સંયમ)નો ગુણ પેદા થશે.''

(સૂરઃ બકરહ, આ. ૧૮૩)

અનુસરણની એક લાંબી કવાયત :

રોઝાનો એક બીજો ગુણ એ પણ છે કે એ લાંબી મુદ્દત સુધી શરીઅતના હુકમોનું સતત પાલન કરાવે છે. નમાઝનો સમય એકી વખત અમુક મિનિટોથી વધુ હોતો નથી. ઝકાત આપવાનો સમય વર્ષમાં એક જ વખત આવે છે. હજ્જમાં અલબત્ત, લાંબો સમય નીકળી જાય છે, પરંતુ એ પ્રસંગ જીવન દરમ્યાન ફક્ત એક જ વખત આવે છે અને તે પણ દરેકને પ્રાપ્ત થતો નથી. આ સૌથી અલગ રોઝા દર વર્ષે પૂરા એક મહિના સુધી

રાત-દિવસ શરીઅતે-મુહમ્મદી (સલ્લ.)ના અનુસરણની કવાયત કરાવે છે. સવારે સહેરી માટે અમુક સમયે ઊઠવું. અમુક સમય વીતી ગયો એટલે ખાવું-પીવું બંધ. દિવસ દરમ્યાન અમુક કામો કરી શકાય, અમુક ન કરી શકાય. સાંજે અમુક સમયે ઈફ્તાર કરવું. ખાણા બાદ આરામ કર્યા પછી તરાવીહ માટે દોડવું. આવી રીતે દર વર્ષે પૂરા એક મહિના સુધી સવારથી સાંજ અને સાંજથી સવાર સુધી એક મુસલમાનને સૈનિકની જેમ પૂરેપૂરી શિસ્ત અને નિયમમાં જકડી રાખવામાં આવે છે અને ત્યાર પછી અગિયાર મહિના માટે છોડી દેવામાં આવે છે, જેથી આ એક મહિના દરમ્યાન તેણે જે તરબિયત (પ્રશિક્ષણ) મેળવેલ છે, તેની અસરો જાહેર થાય અને જે કોઈ ક્ષતિ રહી જવા પામી હોય, તો તેને આવતા વર્ષની તાલીમ દરમ્યાન પૂરી કરી લે.

પ્રશિક્ષણ માટે એક અનુકૂળ માહોલ :

આવા પ્રકારની તાલીમ માટે દરેક વ્યક્તિને અલગ-અલગ તૈયાર કરવી કોઈ પણ રીતે શક્ય નથી. તમે જાણો છો કે લશ્કરમાં પણ દરેક સિપાહીને વ્યક્તિગત રીતે અલગ-અલગ તાલીમ આપવામાં આવતી નથી, બધાને એકી સાથે અને એકી વખતે બ્યૂગલનો અવાજ સાંભળીને ઊઠી જવું પડે છે, જેથી એક જમાઅત બનીને સંયુક્તપણે કામ કરવાની ટેવ પડે અને સાથોસાથ તેઓ એક-બીજાની તાલીમમાં સહાયભૂત પણ થાય, અર્થાત્ એક વ્યક્તિની તાલીમમાં જે કંઈ ખામી રહી જવા પામે એને બીજી દૂર કરે, બીજીની કચાશને ત્રીજી દૂર કરી દે. આ જ રીતે ઈસ્લામમાં પણ રમઝાનનો મહિનો રોઝાની ઈબાદત માટે અલગ રાખવામાં આવ્યો છે. તમામ મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો કે તેઓ રમઝાનમાં એક વખતે બધા સાથે મળીને રોઝા રાખે. આ હુકમથી રોઝા જેવી વ્યક્તિગત ઈબાદત સામૂહિક ઈબાદતમાં ફેરવાઈ ગઈ છે. જેમ એકમને લાખની સંખ્યાથી ગુણાકાર કરો, તો લાખની રકમ બની જાય છે; એવી જ રીતે એક-એક માણસના રોઝા રાખવાથી જે અખ્લાકી અને રૂહાની (આધ્યાત્મિક) ફાયદાઓ પ્રાપ્ત થઈ શકે છે, તે લાખો અને કરોડો માણસોના સાથે મળીને રોઝા રાખવાથી લાખો અને કરોડો ગણા વધી જાય છે. રમઝાનનો મહિનો આખા વાતાવરણને નેકી અને પરહેઝગારીની રૂહથી ભરી દે છે.

આખી કોમમાં જાણે તકવા (પરહેઝગારી)ની ખેતી હરી-ભરી થઈ જાય છે. પ્રત્યેક માણસ પોતે વ્યક્તિગત રીતે ગુનાઓથી બચવાની કોશિશ કરે છે; એટલું જ નહિં, બલ્કે તેનામાં કોઈ કમજોરી હોય તો તેના બીજા અસંખ્ય ભાઈઓ જે તેની જેમ જ રોઝાદાર હોય છે, તેની ઢાલ બનીને ગુનાના હુમલાથી તેને બચાવે છે.

દરેક વ્યક્તિ રોઝો રાખ્યા પછી ગુનો કરતા શરમાય છે અને દરેકના દિલમાં

આપોઆપ એવી ઇચ્છા જાગે છે કે કંઈ-ને-કંઈ ભલાઈના કામો કરે, ગરીબોને ખવડાવે, નગ્નને વસ્ત્રો પહેરાવે, કોઈ મુસીબતમાં સપડાયેલાની સહાયતા કરે, કોઈ ઠેકાણે જો કોઈ નેક કામ થઈ રહ્યું હોય તો તેમાં ભાગ લે અને જો કોઈ જગ્યાએ જાહેરમાં કોઈ બૂરૂં કામ થઈ રહ્યું હોય તો તેને અટકાવે વગેરે. નેકી અને તકવાનું એક સર્વસામાન્ય વાતાવરણ સર્જાઈ જાય છે. જેવી રીતે દરેક ધાન્ય તેની મોસમ આવી જતાં ખૂબ જ ફાલે-ફૂલે છે અને ચારે બાજુ ખેતરમાં જ્યાં નજર દોડાવો ત્યાં એ જ નજરે પડે છે. આ હકીકત અંગે નબી (સલ્લ.)એ ફરમાવ્યું છે કે –

كُلُ عَمَلِ ابْنِ آدَمَ يُضَاعَفُ الْحَسَنَةُ بِعَشْرِ اَمْثَالِهَا اِلٰى سَبْعِ مِأَةِ ضِعْفٍ

قَالَ اللهُ تَعَالٰى اِلَّا الصَّوْمُ فَاِنَّهُ لِىْ وَاَنَا اَجْزِىْ بِهٖ.

"ઇન્સાનનો પ્રત્યેક અમલ ખુદાને ત્યાં કંઈ-ને-કંઈ વધે છે. એક નેકી દસથી લઈને સાતસો ગણી ફૂલે-ફાલે છે. પણ અલ્લાહત્આલા ફરમાવે છે કે રોઝા આનાથી પર છે, તે ખાસ મારા માટે છે અને હું એનો જેટલો ઇચ્છું તેટલો બદલો આપું છું."

(હદીસ)

આ હદીસથી જણાય છે કે નેકી કરનારની નિયત અને નેકીના પરિણામની રૂએ બધા કાર્યો ફૂલે-ફાલે છે, પરંતુ એમની પ્રગતિ માટેની એક હદ મુકર્રર હોય છે; પણ રોઝાની પ્રગતિ માટે કોઈ હદ નથી. રમઝાન નેકી અને ભલાઈના ફૂલવા-ફાલવાની ઋતુ છે. આ મોસમમાં એક નહીં, પણ લાખો અને કરોડો મુસલમાનો સાથે મળીને નેકીના આ બગીચાને પાણી સીંચે છે, તેથી તે અનહદ બેહિસાબ વધી શકે છે. આ મહિના દરમ્યાન જેટલી વધુ નેક નિયતથી નેક કાર્યો કરશો, તેટલી વધુ બરકતોનો ફાયદો તમે પોતે ઉઠાવીને તમારા બીજા ભાઈઓને પણ પહોંચાડશો અને પછી આ મહિનાની અસરને બાકીના અગિયાર મહિના સુધી એવી જ રીતે જાળવી રાખશો, તો આ રોઝા તેટલા જ ફૂલતા-ફાલતા રહેશે અને તેની તરક્કીની કોઈ જ સીમા નહીં રહે. હા, તમે પોતે જ તમારા કાર્યોથી હદબંધી કરી લો તો એ તમારી પોતાની ભૂલ હશે, રોઝાની નહીં.

રોઝાની આ અસરો અને પરિણામો જાણ્યા પછી સ્વાભાવિક જ તમારા મનમાં પ્રશ્ન ઊઠશે કે એ પરિણામો આજે કેમ દેખાતા નથી ? શું થયું એ અસરનું ? અમે તો રોઝા પણ રાખીએ છીએ અને નમાઝો પણ પઢીએ છીએ, છતાં ઉપરોક્ત વર્ણવેલાં પરિણામો તો દૃષ્ટિગોચર થતાં નથી ! આનું એક કારણ હું આગળ ઉપર જણાવી ગયો છું. તે એ કે ઇસ્લામમાં ભાગોને અલગ-અલગ કરી દીધા પછી અને

ઘણી નવી-નવી વસ્તુઓ એમાં ભેળવી દીધા પછી આખા તંત્રનું સંકલિત સ્થિતિમાં જે પરિણામ આવી શકે, તે પરિણામની આશા આવી પરિસ્થિતિમાં તમે રાખી શકો નહીં. બીજું કારણ આ છે કે ઇબાદતો વિશેનો તમારો દૃષ્ટિકોણ તદ્દન બદલાઈ ગયો છે. તમે હવે એવું સમજી રહ્યા છો કે ફક્ત સવારથી લઈને સાંજ સુધી કંઈ પણ ખાવું-પીવું નહીં, એનું જ નામ ઇબાદત છે અને જ્યારે આ કામ પૂરૂં કરી લીધું એટલે ઇબાદત થઈ ગઈ. આમ જ બીજી ઇબાદતોના પણ માત્ર બાહ્ય સ્વરૂપને તમે ઇબાદત સમજી બેઠા છો. ઇબાદતની ખરી રૂહ, જે તમારા પ્રત્યેક અમલમાં હોવી જોઈએ; એનાથી ૯૯% થી પણ વધુ લોકો ગાફેલ છે. આ જ કારણસર આ ઇબાદત પોતાનો પૂરેપૂરો ફાયદો દેખાડી શકતી નથી, કેમ કે ઇસ્લામમાં તો સર્વ કંઈ નિયત, સમજ અને સભાનતા પર નિર્ભર છે.

—•—

પ્રકરણ – ૭

રોઝાનો મૂળ હેતુ

દરેક કામનો એક હેતુ :

ભાઈઓ ! ઈન્સાન જે કંઈ કામ કરે છે, તેમાં બે વસ્તુઓ ફરજિયાત રીતે હોય છે. પહેલી વસ્તુ કામનો હેતુ અને બીજી વસ્તુ કામનું એક ચોક્કસ સ્વરૂપ, જે કામના હેતુને પ્રાપ્ત કરવા માટે અંગીકાર કરવામાં આવે છે. દા.ત. ખાવાની ક્રિયાને જ લો. ખાવાથી તમારો હેતુ જીવંત રહેવા અને શરીરની શક્તિઓને ટકાવી રાખવાનો છે. આ હેતુને પ્રાપ્ત કરવાની રીત એ છે કે તમે ખોરાકનો પ્રથમ કોળિયો બાંધો છો, પછી તેને મોંમાં નાખી દાંતો વડે ચાવીને ગળા નીચે ઉતારો છો, શા માટે ? એટલા માટે કે આ જ રીતે એ હેતુને પ્રાપ્ત કરવો વધુ યોગ્ય છે, તેથી જ તેને અપનાવી છે. બધા જ એ વાત જાણે છે કે મૂળ વસ્તુ તો એ જ છે, જેના માટે ખોરાક ખાવામાં આવે છે, ન કે ખાવાની આ પદ્ધતિ. હવે કોઈ માણસ જો લાકડાના વેર કે માટીના કોળિયા બનાવીને મોંમાં મૂકે અને પછી દાંતો વડે ચાવીને ગળામાં ઉતારે તો તેને તમે શું કહેશો ? એ જ કે એનું મગજ ફરી ગયું છે. શા માટે ? એ માટે કે તે મૂર્ખ ખાવાના અસલ હેતુને સમજતો નથી. તે સમજયો છે કે ખાવાની માત્ર આ ચાર ક્રિયાઓ પૂરી કરવાનું નામ જ ખાવું છે. આવી જ રીતે તમે એવા માણસને પણ ગાંડો કહેશો, જે રોટલી ખાધા પછી ગળામાં આંગળી નાખીને ઊલ્ટી કરી દે અને પછી ફરિયાદ કરે કે રોટલી ખાવાના જે ફાયદા લોકો વર્ણવે છે, તે તો તેને મળતા નથી અને ઊલ્ટામાં તે દિન-પ્રતિદિન દૂબળો પડતો જાય છે અને મરવાને આરે પહોંચી ગયો છે. એ મૂર્ખ પોતાની દૂર્બળતાનો દોષ રોટલી ઉપર અને ખાણા ઉપર નાખે છે. વાસ્તવમાં મૂર્ખતા તો એની પોતાની જ છે. તેણે પોતાની નાદાનીથી એવું સમજી લીધું છે કે ખાવાના જે નિયમો બનેલા છે, તેને પૂરા કરી દેવા માત્રથી જીવન-શક્તિ મળી જશે. આથી એણે વિચાર્યું કે નાહકનો રોટલીનો ભાર જઠરમાં શા માટે રાખવો ? તેને બહાર જ ના કાઢી મૂકે કે પેટ હલકું રહેવા પામે ? ખાવાની જે બાહ્ય રીત છે તે તો મેં પૂરી કરી જ નાંખી છે. આવા મૂર્ખતા ભરેલા વિચારોની સજાથી તે

માણસ બચી શકે ખરો ? એણે સમજવું જોઈતું હતું કે જ્યાં સુધી રોટલી પેટમાં જઈને પચશે નહીં, ત્યાં સુધી જીવન-શક્તિ પ્રાપ્ત કરવી શક્ય નથી. હા, ખાવાની જે બાહ્ય રીત છે તેને તો પૂરી કરવી જોઈએ, કારણ કે એ વિના રોટલી જઠર સુધી કેવી રીતે પહોંચી શકે ? પણ ફક્ત બાહ્ય રીતને અનુસરવાથી બધું જ કામ થઈ શકવાનું નથી. આ રીતેમાં કંઈ જાદૂ ભર્યો નથી કે જેનું પરિપાલન કરવા માત્રથી ઈન્સાનની નસોમાં લોહી દોડવા લાગી જાય. લોહી તો અલ્લાહે તેના માટે જે નિયમ મુકર્રર કર્યો છે, તે મુજબ જ પેદા થશે. એ નિયમનો ભંગ કરશો તો પોતે જ પોતાનું મોત નોંતરશો.

બાહ્ય સ્વરૂપને હકીકત સમજવાના પરિણામો :

ઉપરોક્ત ઉદાહરણને વિસ્તારથી મેં તમને એટલા માટે સમજાવ્યું છે કે તમે એ પરથી વિચાર કરી શકો કે તમારી આજની ઈબાદતો અસરહીન શા માટે થઈ ગઈ છે. હું આ પહેલાં પણ તમને જણાવી ચૂક્યો છું કે તમારામાં એક મોટી સમજફેર એ ઊભી થઈ ગઈ છે કે રોઝા અને નમાઝના નિયમો અને તેમના બાહ્ય સ્વરૂપોને જ તમે ઈબાદત સમજી બેઠા છો અને એવી ખોટી ભ્રમણામાં પડી ગયા છો કે જેણે આ નિયમોને પૂરા કર્યા, તેણે અલ્લાહની ઈબાદત પૂરી કરી લીધી. આથી તમારો પણ દાખલો તે માણસ જેવો છે, જે ખાવાના ચારે નિયમોને એટલે કે કોળિયા બાંધવા, તેને મોંમાં મૂકવા, દાંત વડે ચાવવા અને ગળા નીચે ઉતારવાને ખાવાનું સમજે છે અને સાથોસાથ એમ ધારે છે કે જાણે આ ચાર નિયમોનું પાલન કર્યું તેને ખાવાના બધા ફાયદાઓ પ્રાપ્ત થવા જોઈએ, પછી ભલે એ નિયમોની સાથે માટી કે પથ્થરને તેણે પેટમાં કેમ ન ઉતાર્યા હોય કે આંગળીઓ નાખીને ખાધેલું અન્ન કેમ ઓકી ન નાખ્યું હોય. જો વાસ્તવમાં લોકો આ મૂર્ખાઈમાં પડી ગયા નથી, તો મને બતાવો કે એ કઈ બાબત છે કે જેના કારણે સવારથી સાંજ સુધી રોઝાદાર અલ્લાહની ઈબાદતમાં રચ્યો-પચ્યો રહેવા છતાં અસત્ય બોલી શકે છે ? નિંદા અને ચુગલી કેવી રીતે કરે છે ? વાત-વાતમાં લડાઈ-ઝઘડા શા માટે કરી બેસે છે ? તેની જીભથી અપશબ્દો શા માટે નીકળે છે ? તે લોકોના હક્કોને કેવી રીતે પચાવી પાડે છે ? અને આ બધું કરવા છતાં એ શા માટે એવું સમજે છે કે તેણે અલ્લાહની ઈબાદત કરી છે ? શું આ માણસ તે પેલા માણસ જેવો નથી, જે રાખ અને માટી ખાય છે અને ખાવાના નિયમોના પાલન માત્રને સમજે છે કે ખાવાનું આને જ કહેવામાં આવે છે ?

રમઝાન પછી ફરી આઝાદી :

હવે એ પણ મને જણાવો કે આખા રમઝાન માસ દરમ્યાન લગભગ ૩૬૦ કલાક ખુદાની ઈબાદત કર્યા પછી તમે મુક્ત થાઓ છો, તો એ પૂરી ઈબાદતની તમામ સઘળી અસરો શવ્વાલની પહેલી જ તારીખે શા માટે ઓસરી જાય છે ? બિનમુસ્લિમો

પોતાના તહેવારો દરમ્યાન જે કંઈ કરે છે, તે બધું તમે ઈદના દિવસે કરો છો. અરે, હદ તો એ છે કે ઈદના દિવસે મોટા શહેરોમાં બદકારી અને શરાબની રમઝટ ચાલે છે અને જુગારના મેળા ભરાય છે. કેટલાક એવા જુલ્મીઓ પણ મેં જોયા છે કે જેઓ રમઝાન દરમ્યાન દિવસે તો રોઝા રાખે છે અને રાત્રે દારૂ પીએ છે અને વ્યભિચાર કરે છે.

એ ખરૂં છે કે આમ મુસલમાનો ખુદાના ફઝલથી કંઈ એટલા બધા બગડેલા નથી, પણ રમઝાન પૂરો થયા પછી તમારામાંથી કેટલા એવા છે, જેમના અંદર ઈદના બીજા દિવસે પણ તકવા અને પરહેઝગારીની કોઈ અસર બાકી રહેતી હોય ? ખુદાના કાનૂન વિરુદ્ધ અમલ કરવામાં કોઈ કસર સુદ્ધાં રાખવામાં આવતી હોય ? નેક કાર્યોમાં કેટલો ભાગ લેવામાં આવે છે ? અને મનેચ્છાઓમાં કેટલો ઘટાડો આવી જાય છે ?

ઈબાદતના ખોટા ખ્યાલનું પરિણામ :

સમજો અને વિચારો કે આ બધું થવાનું કારણ છેવટે શું છે ? હું તમને ખાત્રી આપું છું કે આનું કારણ ફક્ત એ જ છે કે તમારા દિમાગોમાં ઈબાદતની વ્યાખ્યા અને ઈબાદતનો અર્થ જ ખોટો બેસી ગયો છે. તમે એવું સમજો છો કે સહેરીથી લઈને મગરિબ સુધી કંઈ જ ન ખાવા-પીવાનું નામ રોઝા છે અને બસ, એ જ ઈબાદત છે. આથી રોઝાનું તો તમે પૂરેપૂરી રીતે રક્ષણ કરો છો, ખુદાનો ડર તમારા દિલમાં એટલો બધો હોય છે કે જે વસ્તુથી રોઝો તૂટી જવાનો જરા જેટલો પણ સંદેહ હોય તેનાથી તમે દૂર રહો છો, જીવનનું જોખમ આવી જાય તેમ છતાં પણ રોઝાને તોડવાનો ઈરાદો નથી કરતા અને છતાં એ નથી જાણતા કે આમ ભૂખ્યા-તરસ્યા રહેવું એ અસલી ઈબાદત નથી, બલ્કે ઈબાદતનું સ્વરૂપ માત્ર છે અને આ સ્વરૂપ નક્કી કરવાનો હેતુ એ છે કે તમારામાં ખુદાનો ડર અને ખુદાની મહોબ્બત પેદા થાય અને તે વડે તમારામાં એટલી શક્તિ આવી જાય કે જે વસ્તુમાં દુનિયાભરના ફાયદા સમાયેલા હોય, પણ જો ખુદા એથી નારાજ થઈ જશે એવું લાગતું હોય તો તમે એનાથી સંયમપૂર્વક બચી જા અને જે વસ્તુમાં પ્રત્યેક પ્રકારના પુષ્કળ જોખમો અને નુકસાનો હોય, પણ એનાથી ખુદા જો રાજી થતો હોય, તો તમારા આત્માને એ કામ કરવા માટે મજબૂર કરી શકો.

આ શક્તિ માત્ર એ રીતે જ થઈ શકતી હતી કે તમે રોઝાના હેતુને સમજતા અને આખો મહિનો ખુદાના ડર અને ખુદાની મહોબ્બતમાં તમારી મનેચ્છાઓને રોકી રાખીને ખુદાની મરજીને આધીન થઈને ચાલવાની જે ટેવ તમે પાડી હતી, એનાથી કામ લેતા. પણ તમે તો રમઝાન પૂરો થતાં જ આ ક્વાયત અને એ વડે જન્મેલા ગુણોને એવી રીતે ફગાવી દો છો, જે કોઈ માણસ જમ્યા પછી મોંમાં આંગળીઓ નાખીને ઊલટી કરી નાખે છે, બલ્કે એથી પણ આગળ વધીને તમારામાંના અમુક તો રોઝા ઈફતાર કર્યા પછી તરત જ દિવસભરની પરહેઝગારીને ફગાવી દે છે. હવે તમે જ ન્યાય કરો કે રોઝા

કંઈ જાદૂ તો નથી કે તેના બાહ્ય સ્વરૂપને પૂરું કરો એટલે તે શક્તિ તમને પ્રાપ્ત થઈ જાય, જે વાસ્તવમાં તેનાથી પ્રાપ્ત થવી જોઈએ.

જેવી રીતે અન્ન ખાવાથી એ જ્યાં સુધી જઠરમાં જઈને પચે નહીં અને લોહી બનીને નસોમાં દોડવા લાગે નહીં, ત્યાં સુધી જીવન-શક્તિ મળી શકતી નથી. તેવી જ રીતે રોઝાથી પણ તે રૂહાની શક્તિ ત્યાં સુધી પ્રાપ્ત થઈ શકતી નથી, જ્યાં સુધી આપણે રોઝાના મૂળ હેતુને સારી રીતે સમજીએ નહીં. જ્યાં સુધી તે હેતુ આપણા દિલ-દિમાગ, નિયત, ઈરાદા, આચાર-વિચાર અને વર્તન બધાની અંદર સંપૂર્ણપણે ઊતરી જાય નહીં.

રોઝા પરહેઝગાર બનવાનું માધ્યમ :

આ જ કારણસર અલ્લાહત્આલાએ હુકમવાળી આયતના અંતે ફરમાવ્યું છે –

لَعَلَّكُمْ تَتَّقُوْنَ ۝

અર્થાત્, "કદાચ તમે મુત્તકી અને પરહેઝગાર બની જાવ."

એ નથી ફરમાવ્યું કે તમે એનાથી જરૂર મુત્તકી અને પરહેઝગાર બની જશો. કારણ કે રોઝાનું પરિણામ તો માણસની બુદ્ધિ, સમજ-ભાન અને ઈરાદા પર નિર્ભર છે. જે આ હેતુને સમજી લેશે અને તેના વડે મૂળભૂત હેતુને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે, તો અમુક પ્રમાણમાં પરહેઝગાર બની જશે, પરંતુ જે મૂળ હેતુને જ નહીં સમજે અને તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન જ નહીં કરે, તો તેને કોઈ પણ ફાયદો પ્રાપ્ત થવાની આશા નથી.

રોઝાનો મૂળ હેતુ :

જૂઠથી બચવું

નબી (સલ્લ.)એ જુદી-જુદી રીતો વડે રોઝાના મૂળ હેતુઓ તરફ ધ્યાન દોર્યું છે અને સમજાવ્યું છે કે હેતુથી વંચિત રહીને ભૂખ્યા-તરસ્યા રહેવામાં કોઈ ફાયદો નથી; જેમ કે –

مَنْ لَّمْ يَدَعْ قَوْلَ الزُّوْرِ وَالْعَمَلَ بِهٖ فَلَيْسَ لِلّٰهِ
حَاجَةٌ فِيْ اَنْ يَّدَعَ طَعَامَهٗ وَشَرَابَهٗ.

"જે કોઈએ જૂઠ બોલવું અને જૂઠનું આચરણ કરવાનું છોડ્યું નહીં, તો તેનું ખાવું અને પીવું છોડાવી દેવાની અલ્લાહને કોઈ જરૂર નથી."

બીજી હદીસમાં છે કે નબી (સલ્લ.)એ ફરમાવ્યું –

كُمْ مِّنْ صَائِمٍ لَيْسَ لَهٗ مِنْ صِيَامِهٖ اِلَّا الظَّمَاءُ وَكَمْ مِّنْ
قَائِمٍ لَيْسَ لَهٗ مِنْ قِيَامِهٖ اِلَّا السَّهَرُ.

''કેટલાક રોઝાદાર એવા છે કે રોઝાની ભૂખ-તરસ સિવાય તેમને કંઈ મળતું નથી અને ઘણા રાત્રે ઊભા રહેનારા એવા છે કે તે આ ઊભા રહેવાથી રાત-જગો સિવાય તેમને કંઈ મળતું નથી.''

આ બંને હદીસોનો મતલબ સ્પષ્ટ છે. આનાથી સ્પષ્ટ રીતે ખ્યાલ આવે છે કે ફક્ત ભૂખ્યા અને તરસ્યા રહેવું જ ઈબાદત નથી, પરંતુ મૂળ ઈબાદતનું માધ્યમ છે અને અસલ ઈબાદત છે ખુદાના ડરના લીધે ખુદાના કાનૂનની અવજ્ઞા ન કરવી અને અલ્લાહની મહોબ્બતના લીધે તે દરેક કામ માટે શોખથી આગળ વધવું, જેમાં મહેબૂબની પ્રસન્નતા હોય અને જ્યાં સુધી શક્ય હોય, સ્વાર્થપરાયણતાથી બચવું. જે કોઈ માણસ આ મૂળભૂત ઈબાદતથી અજાણ રહ્યો, તેણે અમસ્તી જ પોતાના પેટને ભૂખ અને તરસની પીડા આપી. અલ્લાહતઆલાને એની ક્યાં જરૂરત હતી કે બાર-ચૌદ કલાક માટે એનાથી ખાવું-પીવું છોડાવી દે ?

ઈમાન અને એહતિસાબ :

રોઝાના મૂળ હેતુ પ્રત્યે માનવતાના પયગંબર (સલ્લ.)એ આવી રીતે અંગૂલિનિર્દેશ કર્યો છે કે –

مَنْ صَامَ رَمَضَانَ اِيْمَانًا وَّاِحْتِسَابًا غُفِرَلَهُ مَا تَقَدَّمَ مَنْ ذَنْبِهِ.

''જેણે ઈમાન અને આત્મ-નિરીક્ષણ સાથે રોઝો રાખ્યો, તેના પાછલા તમામ ગુનાઓ માફ કરી દેવામાં આવ્યા.''

ઈમાનનો અર્થ એ છે કે ખુદા વિશે એક મુસલમાનનો જે અકીદો હોવો જોઈએ તે સંપૂર્ણપણે હૃદયમાં તાજો રહે અને એહતિસાબ (આત્મ-નિરીક્ષણ)નો અર્થ એ છે કે માણસ પ્રત્યેક વખતે પોતાના વિચારો અને વર્તન પર દૃષ્ટિપાત કરતો રહે કે ક્યાંક તે અલ્લાહની મરજી વિરુદ્ધ તો નથી ચાલી રહ્યો ? આ બંને વસ્તુઓની સાથે જે માણસ રમઝાનના પૂરેપૂરા રોઝા રાખશે, તે પોતાના પાછલા તમામ ગુનાઓની માફી મેળવી જશે, એટલા માટે કે તે એક વખત ખુદાનો નાફરમાન અને બંડખોર બંદો હતો, તો પણ હવે એ પૂરેપૂરી રીતે હૃદયપૂર્વક પોતાના માલિક તરફ વળ્યો છે અને –

التَّائِبُ مِنَ الذَّنْبِ كَمَنْ لاَ ذَنْبَ لَهُ.

''ગુનાઓથી તૌબા કરનારો એવો છે, જાણે તેણે ગુનો કર્યો જ નથી.''

ગુનાહોથી બચવાની ઢાલ :

બીજી એક હદીસમાં છે કે –

اَلــصِّيَامُ جُنَّـةٌ وَاِذَا كَانَ يَوْمَ صَـوْمِ اَحَدِ كُمْ فَلَا يَرْفُثْ وَلَا يَصْـخَبْ
فَاِنْ سَابَّـهُ اَحَدٌ اَوْ قَاتَلَـهُ فَلْـيَقُـلْ اِنِّـىْ امْرَءٌ صَائِـمٌ.

''રોઝા ઢાલ સમાન છે (જેમ ઢાલ દુશ્મનના વારથી બચવા માટે હોય છે, તેમ રોઝા શેતાનના વારથી બચવા માટે છે) તેથી કોઈ માણસ રોઝાદાર હોય તો એણે (આ ઢાલનો ઉપયોગ કરવો જોઈએ અને) ટંટા-ફિસાદથી દૂર રહેવું જોઈએ. કોઈ માણસ ગાળ આપે કે ઝઘડો કરે તો તેને કહેવું જોઈએ કે ભાઈ, હું રોઝાદાર છું. (મારાથી એવી આશા રાખશો નહીં કે હું તમારી આ પ્રવૃત્તિમાં ભાગ લઈશ).''

નેકીની ઇચ્છા :

બીજી હદીસોમાં પણ હુઝૂર (સલ્લ.)એ દર્શાવ્યું છે કે રોઝાની હાલતમાં ઈન્સાનને વધુમાં વધુ નેક કામો કરવા જોઈએ અને પ્રત્યેક ભલાઈના શોખીન બની જવું જોઈએ. રોઝાની હાલતમાં તેણે પોતાના બીજા ભાઈઓની હમદર્દીની ઊંડી ભાવના ખાસ કરીને કેળવવી જોઈએ, કારણ કે ભૂખ્યા-તરસ્યા રહીને એ ઈન્સાન પોતાના બીજા ગરીબ ભાઈઓ પર ગરીબાઈ અને મુસીબતોમાં શું વીતતી હશે એ સ્થિતિ તે સ્વયં અનુભવી શકે છે. ઈબ્ને અબ્બાસ રદિ.નું વૃત્તાંત છે કે ખુદ અલ્લાહના રસૂલ સલ્લ. રમઝાનમાં સામાન્ય દિવસોથી વધુ રહેમદિલ, વધુ મહરેબાન બની જતા હતા. કોઈ માંગનાર એ સમયમાં હુઝૂર સલ્લ.ના દરવાજેથી ખાલી હાથે પાછો ફરતો ન હતો અને કોઈ કેદી તે સમયમાં કેદમાં કહેતો ન હતો.

ઈફતાર કરાવવાનો સવાબ :

એક હદીસમાં ઉલ્લેખ છે કે હુઝૂર સલ્લ.એ ફરમાવ્યું –

مَنْ فَـطَّرَ فِيْـهِ صَائِـمًا كَانَ لَهُ مَغْفِرَةٌ لِّـذُنُوْبِـهٖ وَعِتْقُ رَقَبَتِهٖ مِنَ النَّارِ
وَ كَانَ لَهُ مِثْلُ اَجْرِهٖ مِنْ غَيْرِ اَنْ يُّـنْـتَقَصَ مِنْ اَجْرِهٖ شَيْئٌ.

''જેણે રમઝાનમાં કોઈ રોઝાદારને ઈફતાર કરાવ્યો, તે ગુનાઓની માફી અને તેની ગરદનને આગથી છોડવવામાં મદદરૂપ થશે અને તેનો એટલો જ સવાબ મળશે, જેટલો એ રોઝાદારને રોઝા રાખવાનો સવાબ મળશે અને સાથે જ પેલા રોઝાદાર (ઈફતાર કરનાર)ના સવાબમાં કંઈ ઘટાડો થશે નહીં.''

–•–